# અધ્યાત્મ-મહિમા

:: વાચનાપ્રદાતા ::
પ.પૂ. પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ
સ્વ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂરીશ્વરજીમ.ના પટ્ટાલંકાર
પ.પૂ. સ્વ.આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્રસૂ.મ.ના શિષ્યરત્ન
પ.પૂ. સ્વ.આ.ભ.શ્રી.વિ. અમરગુપ્તસૂ.મ.ના શિષ્યરત્ન
**પ.પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્તસૂ.મ.**

:: પ્રકાશન ::
**શ્રી અનેકાંત પ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ**

:: આર્થિક સહકાર ::
**જે. વી. શાહ**

- **પુસ્તક** : **અધ્યાત્મ-મહિમા**
- **આવૃત્તિ** : પ્રથમ
- **નકલ** : ૧૦૦૦
- **પ્રકાશન** : શ્રી અનેકાંત પ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ
- **પ્રાપ્તિસ્થાન** :

(૧) **શા. મુકુંદભાઇ રમણલાલ**
૫, નવરત્ન ફ્લેટ્સ, નવા વિકાસગૃહ માર્ગ, પાલડી,
**અમદાવાદ**-૩૮૦ ૦૦૭.

(૨) **પ્રમોદભાઇ છોટાલાલ શાહ**
૧૦૨, વોરા આશિષ, પં. સોલીસીટર રોડ, મલાડ (ઇસ્ટ),
**મુંબઇ**-૪૦૦ ૦૯૭.

(૩) **જતીનભાઇ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયા શેરી, મહીધરપુરા,
**સુરત**-૩.

(૪) **તનીલ એ. વોરા**
૪/૭૪, કૃષ્ણકુંજ, જૂના પુલગેટ પાસે,
૨૩૯૨/૯૩, જનરલ થીમૈયા રોડ,
**પૂના**-૪૧૧ ૦૦૧.

- **આર્થિક સહકાર** :

**જે. વી. શાહ**
બી/૨, પંચરત્ન એપાર્ટમેન્ટ, મહાલક્ષ્મી ચાર રસ્તા,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

- મુદ્રક :

***Tejas Printers***
F/5, Parijat Complex, Swaminarayan Mandir Rd., Kalupur, A'bad-1.
**(M) 98253 47620 Ph. (O) 22172271**


# અધ્યાત્મ-મહિમા

**अध्यात्मशास्त्रसम्भूत-सन्तोषसुखशालिनः ।**
**गणयन्ति न राजानं, न श्रीदं नाऽपि वासवम् ।।**

શત્રુંજયધામ — વૈ.વ. ૪
પૂના — વિ.સં. ૨૦૬૮

અનન્તોપકારી શ્રી અરિહંતપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ શ્રી યશોવિજયજી મહારાજે અધ્યાત્મસાર નામના પ્રકરણમાં અધ્યાત્મનું સ્વરૂપ જણાવવા પહેલાં અધ્યાત્મનું માહાત્મ્ય આ શ્લોકથી જણાવ્યું છે. અધ્યાત્મશાસ્ત્રના કારણે જે સંતોષ મળે છે તે જ સુખનું કારણ છે. વસ્તુને પામીને સુખી થવું તેના કરતાં સંતોષના કારણે સુખી થવું સારું. 'પુદ્ગલના કારણે સુખ મળે છે' - એના બદલે 'અધ્યાત્મના કારણે સુખ મળે છે' એ આપણે આજે સમજી લેવું છે. સુખની, શાંતિની, સમાધિની વાતો તો આપણે બધા કરીએ છીએ, પરંતુ તેનું કારણ આપણે વાસ્તવિક રીતે વિચારતા નથી. જે કાંઈ સુખ છે તે વસ્તુ મળવાના કારણે નથી, વસ્તુતઃ સંતોષના કારણે છે. ચક્રવર્ત્તીનું સુખ ન મળવા છતાં આપણે શાંતિથી બેઠા છીએ તે સંતોષનું જ સુખ છે ને ?

સ૦ જે મળ્યું છે - એમાં તો સુખ અનુભવાય છે.

તમે તમારા અનુભવને પણ બરાબર જાણતા નથી. તમને જે વસ્તુ મળી છે તેના કરતાં કંઈકગણી ચડિયાતી વસ્તુ બીજાને ત્યાં છે છતાં અરતિ થતી નથી તેનું કારણ શું છે ? જે મળ્યું છે એ નથી ગમતું, જે નથી મળ્યું તે ગમે છે છતાં તમે શાંતિથી બેઠા છો તેનું કારણ વિચાર્યું ? આ સંતોષનું સુખ છે. જે મળ્યું છે - એમાં સંતોષ પામવાની આ વાત નથી. જે નથી

મળ્યું તે જોઈતું નથી - આ સંતોષનું સુખ છે. જેઓ અધ્યાત્મશાસ્ત્રના બદલે ભૌતિકશાસ્ત્ર માટે ઘણી મહેનત કરે છે તેઓ પણ જો દુઃખી હોય તો તે આ સંતોષના અભાવે. અધ્યાત્મશાસ્ત્રના અભ્યાસથી મળનારું જે સંતોષનું સુખ છે તેનો અનુભવ કરનારા મહાત્માઓ પોતાના આ સુખ આગળ રાજાના સુખને પણ ગણતા નથી, કુબેરના સુખને પણ ગણતા નથી અને ચક્રવર્તીના સુખને પણ કોઈ વિસાતમાં ગણતા નથી. આ ભૌતિકશાસ્ત્રથી મળનારું પુદ્ગલનું સુખ તો અધ્યાત્મના સુખની આડે આવનારું છે. આજે સાધુપણામાં આવેલા પણ સંતોષના સુખને અનુભવવાના બદલે બાહ્યપદાર્થમાંથી સુખ મેળવવા મહેનત કરે છે. તેમને પણ સહવર્ત્તી કરતાં ભગતભક્તાણી ગમે છે ! જો હાથમાં ઉત્તરાધ્યયનસૂત્ર હોય અને છાપું આવે તો એ સૂત્ર બાજુ પર મૂકીને છાપું હાથમાં લે. આનું કારણ શું ? અધ્યાત્મશાસ્ત્ર કરતાં ભૌતિકશાસ્ત્ર ચડિયાતું લાગે છે - એ જ ને ? આપણે તો એ કહેવું છે કે ઉત્તરાધ્યયનસૂત્ર હાથમાં લીધા પછી એ પૂરું ન થાય ત્યાં સુધી આચારાંગ પણ ભણવાનું નથી તો છાપું ક્યાંથી લેવાય ?

સ૦ એકનું એક ગોખવામાં કંટાળો આવે છે.

એકના એક ભોજનમાં કંટાળો ન આવે, એકના એક પૈસામાં કંટાળો ન આવે, એકની એક દુકાનમાં કંટાળો ન આવે, એકની એક સ્ત્રીમાં કંટાળો ન આવે અને એકના એક પુસ્તકમાં કંટાળો આવે ને ? અસલમાં અધ્યાત્મશાસ્ત્રનો પરિચય નથી અને સંતોષના સુખની લાગણી નથી માટે કંટાળો આવે છે. ભૌતિકશાસ્ત્રો આપણને પુદ્ગલ તરફ ખેંચે છે જ્યારે આ અધ્યાત્મશાસ્ત્ર આપણને પુદ્ગલથી ખસેડે છે. આ સંસારમાંથી ભાગી છૂટવું હોય તેને આવો કંટાળો ન આવે. સંસારમાંથી જ સુખ મેળવવું છે માટે અધ્યાત્મશાસ્ત્રમાં કંટાળો આવે છે.



સ૦ અધ્યાત્મમાં રસ નથી.

રસ નથી - એનું કારણ એ છે કે ઈચ્છા નથી. જેની ઈચ્છા જાગે ત્યાં રસ કેળવ્યા વગર આપણે રહેતા નથી. તેથી એક વાર મોક્ષની અને મોક્ષના ઉપાયની ઈચ્છા જાગે તો અધ્યાત્મમાં રસ જાગે. આજે તો જૈનકુળમાં જન્મેલા પણ જૈનોની સભામાં એવું બોલે છે કે 'જૈનોએ રાજકારણમાં ભાગ લેવો જોઈએ, રાજકારણમાં જૈનોની સંખ્યા જૂજ છે.' આપણે કહેવું પડે કે જૈનકુળમાં જન્મેલા આવું બોલી ન શકે. કારણ કે જૈન તો સત્તાના સુખ કે રાજરાજેશ્વરના સુખ કરતાં સંતોષના સુખને જ સુખ માનનારા હોય છે. જૈનોએ રાજકારણમાં જવાની જરૂર છે કે મોક્ષમાં જવાની જરૂર છે ? રાજ્યની પ્રાપ્તિ તો જૈનેતર કુળમાં પણ થઈ શકે છે. જ્યારે મોક્ષની પ્રાપ્તિ તો જૈનકુળમાં જ થાય છે.

સ૦ અન્ય લિંગે સિદ્ધ થાય ને ?

અન્ય લિંગે સિદ્ધ થવાય, અન્ય ધર્મે નહિ. લિંગ એટલે વેષ અને ધર્મ એટલે પરિણામ. વેષ ગમે તે હોય, પણ જૈનકુળના છઠ્ઠા-સાતમાના પરિણામ વિના ક્ષપકશ્રેણી ન માંડી શકાય અને શ્રેણી વિના કેવળજ્ઞાન ન મળે. જૈનકુળ જૈનના લિંગમાં નથી, જૈનના પરિણામમાં છે. જે જિનનું માને તે જૈન, જે જિનના નામે વાત કરે તે જૈન નહિ. એટલે જૈનકુળમાં પણ ચાર ફિરકામાં મોક્ષ ન મળે. સ્થાનકવાસી, દિગંબર કે તેરાપંથીને મોક્ષ ન મળે. કારણ કે તેઓ જિનના નામે વાત કરે છે, પણ જિનનું માનતા નથી. જે જિનનું માને તે જ મોક્ષે જાય. જૈનો અધ્યાત્મશાસ્ત્રના નિષ્ણાત હોય, ભૌતિકશાસ્ત્રના નહિ. દુનિયાની કોઈ ચીજ આંખે ચડે નહિ, હૈયે અડે નહિ અને સાધનામાં નડે નહિ તેનું નામ અધ્યાત્મ. અધ્યાત્મનું માહાત્મ્ય

સમજાયા પછી એટલું નક્કી કરવું છે કે જે મળ્યું છે તે છોડી ન શકીએ, તોપણ જે નથી મળ્યું તેની પાછળ ભટકવું નથી : આટલું બનશે ને ?

આ રીતે અધ્યાત્મસારના પહેલા અધિકારમાં અધ્યાત્મનું માહાત્મ્ય સમજાવ્યું, હવે શિષ્યને એ અધ્યાત્મને જાણવાની ઈચ્છા જાગી તેથી તે પ્રશ્ન કરે છે કે -

**भगवन् किं तदध्यात्मं यदित्थमुपवर्ण्यते ।**
**शृणु वत्स ! यथाशास्त्रं वर्णयामि पुरस्तव ।।१।।**

હે ભગવન્ ! જેનું વર્ણન આ રીતે કરાય છે તે અધ્યાત્મ કેવા પ્રકારનું છે ? આ રીતે વિનય અને જિજ્ઞાસાપૂર્વક જે શંકા કરવામાં આવે તેનો જવાબ પણ ગુરુભગવંત પ્રેમથી આપે છે. તે જણાવવા માટે અહીં 'શૃણુ વત્સ' અર્થાદ્ 'હે વત્સ સાંભળ' એમ કહીને જવાબ આપ્યો છે. તેમ જ આચાર્યભગવંતો જ્યારે પણ શંકાનો જવાબ આપે ત્યારે શાસ્ત્રના અનુસારે જ આપે, પોતાની મતિકલ્પનાના અનુસારે ન આપે - એ સમજાવવા 'યથાશાસ્ત્ર' જણાવ્યું. શ્લોકના અંતે જે 'પુરસ્તવ' (તારી આગળ) આ પ્રમાણે જણાવ્યું છે તેનાથી એમ સૂચવવું છે કે જે શિષ્ય અર્થી હોય, જિજ્ઞાસુ હોય અને સામે ઉપસ્થિત હોય તેને શાસ્ત્રના આધારે શંકાનો જવાબ આપવો. જે વાત કયા શાસ્ત્રની છે તે યાદ ન હોય તેવી વાત વક્તાએ બોલવી નહિ.

સ૦ ઉપસ્થિત ન હોય તો ?

ઉપસ્થિત ન હોય તો એ વાત કરવી નહિ, જેટલું ઉપસ્થિત હોય એટલું જ બોલવું. તમને ઉઘરાણી ઉપસ્થિત ન હોય તો તમે માંગવા જાઓ ખરા ?



સ૦ ત્યાં તો નોંધી રાખીએ.

તો અહીં પણ નોંધી રાખવાનું. પરંતુ એ નોંધેલું પણ જોઈને ઉપસ્થિત રાખો પછી જ બોલો ને ? તેમ અહીં પણ જેટલું ઉપસ્થિત હોય એટલું બોલવાનું. તે પણ શાસ્ત્રમાં જેવું કહ્યું હોય તેવું કહેવાનું. હવે અધ્યાત્મનું સ્વરૂપ કેવું છે તે આગળની ગાથાથી જણાવે છે.

**गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या ।**
**प्रवर्त्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ।।२।।**

આપણને જે ધર્મ ગમે છે તે અધ્યાત્મસ્વરૂપ કઈ રીતે બને તેનો પ્રયત્ન મહાપુરુષો કરતા હોય છે. આપણને પરિણામ કરતાં પણ પ્રવૃત્તિસ્વરૂપ ધર્મ પ્રત્યે આદર ઘણો છે - ખરું ને ? પરિણામ સારા થાય કે ન થાય, આશય સારો હોય કે ન હોય પરંતુ ક્રિયામાત્ર કર્યા વગર નથી રહેવું ! આ રીતે આપણે ભાવ કરતાં ક્રિયા ઉપર ભાર વધારે આપીએ છીએ. આથી જ શાસ્ત્રકારોએ આપણી ક્રિયા અધ્યાત્મસ્વરૂપ બને તેવો પ્રયત્ન કર્યો છે. અધ્યાત્મ આત્માનો પરિણામ હોવા છતાં અહીં ક્રિયાને અધ્યાત્મ તરીકે વર્ણવી છે તેનું કારણ એ છે કે આપણે ક્રિયામાં જ ધર્મ માની બેઠા છીએ. અમારે ત્યાં પણ કોઈ ક્રિયા રહી ન જાય તેની ચિંતા છે, પણ કાંઈક પામવાની ચિંતા નથી. પડિલેહણ રહી જાય તો દુઃખ થાય, ઓઘો બાંધવાનો રહી જાય, પ્રતિક્રમણમાં કોઈ સૂત્ર રહી જાય તો દુઃખ થાય, પરંતુ જયણાના પરિણામ ન આવે, સૂત્રમાં ભાવ ન આવે તો દુઃખ ન થાય. આપણે ક્રિયા ઉપર તો ભાર આપીએ જ છીએ હવે એ ક્રિયા અધ્યાત્મસ્વરૂપ ક્યારે બને તે જણાવે છે. આપણી ક્રિયાઓ અશુદ્ધ છે તેને શુદ્ધ બનાવવા માટે પ્રયત્ન કરવો છે.

સ૦ પરિણામ ન આવે તો ક્રિયા ન કરવી ?

આવી વાત તો મેં કરી જ નથી, તમે ખોટો પ્રશ્ન પૂછો છો. 'પૈસો ન મળે તો ધંધો ન કરવો ?' એમ પૂછો કે 'પૈસો ન મળતો હોય તો કેવી રીતે મળે ?' - એમ પૂછો ? અહીં પણ એમ પૂછો કે 'પરિણામ ન આવે તો પરિણામ લાવવા શું કરવું ?' પરિણામ નથી, પણ લાવવા છે ખરા ? પરિણામ લાવવા જ ન હોય અને 'પરિણામ લાવવા શું કરવું' એમ પૂછ્યા કરે - એ ન ચાલે.

સ૦ પૂજા કરતી વખતે તો આશય સારો જ હોય ને ?

સાચું કહો છો ? પૂજા કરતી વખતે શેનો આશય હોય ? અરિહંત થવાનો કે સાધુ થવાનો ? તમારે પૂજ્ય થવું છે પણ પૂજક નથી થવું. અરિહંત બનીએ તો પૂજ્ય બનાય, જ્યારે સાધુ બનીએ તો પૂજક થવું પડે ! આપણો આશય પ્રગટ કરી શકાય એવો નથી ને ? આપણે ક્રિયાને શુદ્ધ બનાવવી છે - કારણ કે શુદ્ધ ક્રિયા ફળને આપે છે. આપણી ક્રિયાને શુદ્ધ બનાવનાર આશયની શુદ્ધિ છે. આપણો આશય ક્રિયાથી સુખ મેળવવાનો છે, સુખ છોડવાનો નહિ, આ જ અશુદ્ધ આશય છે.

સ૦ જે સુખ ભોગવે નહિ તે સારા કહેવાય ને ?

જે સુખ ભોગવે નહિ તે સારા નહિ, જેને સુખ ભોગવવું નથી તે સારા છે. ઘણાને ભવિષ્યમાં સુખ ભોગવવું છે, માટે વર્ત્તમાનમાં સુખ ભોગવતા નથી - એવાને સારા ન કહેવાય. સુખ ગમતું નથી માટે નથી ભોગવવું - તે સારા છે. જ્યાં સુધી આશય શુદ્ધ નહિ હોય અને ક્રિયા શુદ્ધ નહિ હોય ત્યાં સુધી ફળ નહિ મળે. ડોક્ટર ડ્રેસિંગ કરે,



ઓપરેશન કરે તેમાં શુદ્ધિ જાળવે છે માટે સફળતા મળે છે. બાકી શુદ્ધિ ન જાળવે તો ઉપરથી સેપ્ટિક થઈ જાય. તેમ આપણે પણ ફળ મેળવવા માટે શુદ્ધિ જાળવવી છે. આપણી ક્રિયાને શુદ્ધ બનાવનાર અધ્યાત્મ કેવા પ્રકારનું છે તે અહીં સમજાવે છે કે જેના આત્મા ઉપરથી મોહનો અધિકાર ચાલ્યો ગયો હોય તેવા આત્માઓ આત્માને ઉદ્દેશીને જે કોઈ શુદ્ધ ક્રિયા કરે છે તેને અધ્યાત્મ કહેવાય છે.

સ૦ આત્મા ઉપરથી મોહનો અધિકાર કઈ રીતે ઊઠે ?

પહેલાં મોહ કોને કહેવાય, મોહનો અધિકાર કોને કહેવાય - એ સમજવું પડે ને ? તમે પહેલા બે પ્રશ્ન મૂકીને ત્રીજો પ્રશ્ન પૂછ્યો. મોહ કોને કહેવાય - એ જાણો છો ?

સ૦ સંસારના પદાર્થો ઉપર રાગ તેનું નામ મોહ.

રાગ, દ્વેષ અને મોહ : આ ત્રણે દોષો જુદા છે. રાગને મોહ ન કહેવાય. મોહ એટલે અજ્ઞાન. તમારી ભાષામાં કહીએ તો જ્ઞાન ઉપરની નફરત તેનું નામ મોહ. જે પુદ્ગલ ઉપર રાગદ્વેષ થાય છે તેમાં પણ અજ્ઞાન જ કારણ છે. જે વસ્તુ પોતાની નથી તેને પોતાની માનવી તે એક પ્રકારનું અજ્ઞાન જ છે ને ? તેથી મમત્વને મોહ કહીએ છીએ તેના મૂળમાં પણ અજ્ઞાન કામ કરે છે. માટે અજ્ઞાનને જ મોહ કહેવાય છે. આ અજ્ઞાન પણ બે પ્રકારના છે. જાણતા નથી - એ પણ એક અજ્ઞાન છે અને જાણ્યા પછી કરતા નથી તે પણ એક અજ્ઞાન છે. શરીર એ આત્મા નથી અને આપણી સાથે રહેલા પણ જડ કે ચેતન પદાર્થો આપણા નથી. શરીરને હું માનવું અને બાહ્ય પદાર્થોને મારા માનવા આ અજ્ઞાન છે. શરીર ખાતર બધું કરવાની તૈયારી

તેનું નામ મોહનો અધિકાર. સાધુપણા વિના નિસ્તાર નથી, એમ જાણ્યા પછી પણ દીક્ષા લેવાનું મન ન થતું હોય તો તે શરીરનો મોહ નડે છે માટે. જેના આત્મા ઉપરથી મોહનો અધિકાર ચાલ્યો ગયો હોય તેની પણ શુદ્ધ ક્રિયા અધ્યાત્મ છે : આ પ્રમાણે કહીને બે વસ્તુ જણાવી. જેના આત્મા ઉપર મોહનો અધિકાર ચાલુ હોય તેવાઓ પણ શુદ્ધ ક્રિયા કરે છતાં તે અધ્યાત્મ નથી. એ જ રીતે જેના આત્મા ઉપરથી મોહનો અધિકાર ચાલ્યો ગયો હોય તેવાઓ અશુદ્ધ ક્રિયા કરે તે પણ અધ્યાત્મ નથી.

સ૦ એવાઓ અશુદ્ધ ક્રિયા શા માટે કરે ?

પ્રમાદના યોગે કરે. ચૌદપૂર્વધરો પ્રમાદના કારણે નિદ્રાવિકથાને આધીન થાય તો તેમની ક્રિયા અશુદ્ધ બન્યા વિના નહિ રહે. જે ચારિત્રની આરાધના જ્ઞાનાચારના પાલન વિના થતી નથી તે ચારિત્રમાં જ્ઞાન ભણવામાં પ્રમાદ કરે તો મોહનો અધિકાર ચાલવાનો જ. મોહનો નાશ તો દશમા કે બારમા ગુણઠાણે થવાનો, પરંતુ એનો અધિકાર ઊઠી જાય તેવું કરવું છે. મોહની હાજરીમાં પણ મોહને તાબે ન થઈએ તો મોહનો અધિકાર ઊઠી જાય. ક્રિયા કરતી વખતે પ્રમાદને આધીન નથી થવું, કષાયને આધીન નથી થવું તો મોહનો અધિકાર ઉઠાવી શકાશે. ક્રિયાઓ કરવી છે પણ મોહનો અધિકાર ઊઠે એ રીતે કરવી છે, તો જ અધ્યાત્મ પામી શકાશે.

આજે ધર્મ આપણે કરીએ છીએ, પરંતુ આપણને પ્રવૃત્તિસ્વરૂપ ધર્મ ગમે છે, નિવૃત્તિસ્વરૂપ ધર્મ નથી ગમતો. સાધુપણાનો ધર્મ નિવૃત્તિસ્વરૂપ છે અને ગૃહસ્થપણાનો ધર્મ પ્રવૃત્તિસ્વરૂપ છે. આપણને પ્રવૃત્તિસ્વરૂપ ધર્મ ગમે છે આથી જ ઉપાધ્યાયજી મહારાજે આપણી પ્રવૃત્તિને શુદ્ધ બનાવનાર અધ્યાત્મનું સ્વરૂપ જણાવ્યું છે. અધ્યાત્મનો અર્થ સંસ્કૃતભાષાને લઈને



વિચારીએ તો આત્માને ઉદ્દેશીને જે કરાય છે - તેનું નામ અધ્યાત્મ. આત્મા એટલે પોતાનો જ આત્મા. શરીરની પણ ચિંતા નથી કરવી અને બીજા આત્માની પણ ચિંતા નથી કરવી. કોણ શું કરે છે - એ નથી જોવું, કોણ શું કહે છે - એ પણ નથી જોવું. શાસ્ત્રકારો શું કહે છે તે સમજી લેવું છે અને આપણા આત્માની ચિંતા કરવી છે. દુનિયાના લોકો દુઃખ ભૂલવા માટે અને સુખી થવા માટે અધ્યાત્મની વાત કરે છે જ્યારે આપણા ભગવાને સુખ ભૂલીને દુઃખ વેઠવા માંડીએ તે માટે અધ્યાત્મની વાત કરી છે. સુખ એ આત્માનો ગુણ છે. આપણે જે ભોગવીએ છીએ તે તો શરીરનું સુખ છે. આ શરીરનું સુખ ભૂલવા માટે દુઃખ ભોગવવું જ પડશે. તેથી શરીરનાં સુખો છોડીને સ્વેચ્છાથી દુઃખ ભોગવવું તેનું નામ અધ્યાત્મ. બાર પ્રકારની અવિરતિ નથી ભોગવવી, બાવીસ પ્રકારના પરિષહ વેઠવા છે. મોહનો અધિકાર આત્મા ઉપરથી ઊઠી જાય ત્યારે જ અધ્યાત્મ પ્રાપ્ત થાય. મોહ એટલે અજ્ઞાન. આ અજ્ઞાન ત્રણ પ્રકારનું છે : (૧) સંશય, (૨) વિપર્યય અને (૩) અનધ્યવસાય. વ્યાખ્યાનમાં બેઠા પછી આ બરાબર છે કે નહિ : એવી શંકા પડે તેનું નામ સંશય. વિપરીત જ્ઞાન તે વિપર્યય. જેમ કે 'ધર્મથી સુખ મળે છે.' આ વિપર્યય છે.

સ૦ આ વિપર્યય કઈ રીતે ?

સંસારનું સુખ અશુદ્ધ ધર્મથી મળે છે, ધર્મથી નહિ. ધર્મથી તો સુખની જરૂર પડતી જ નથી. ધર્મથી મોક્ષ મળે, સંસારનું સુખ તો પુણ્યથી મળે છે.

સ૦ દેવગુરુકૃપાએ બધું સારું છે - એમ બોલાય છે ને ?

દેવગુરુકૃપાએ સારું છે - એની ના નહિ. પરંતુ સારું કોને કહેવાય ? આધિ વ્યાધિ ઉપાધિ ટળે એ કે અજ્ઞાન, મિથ્યાત્વ અને અવિરતિ ટળે એ ?

ભગવાનની કૃપાથી શું મળે છે - એ તો વિચારવું પડે ને ? સંસારમાં દુઃખ ન આવે - એ ભગવાનની કૃપા નથી, સંસાર છૂટી જાય - એ ભગવાનની કૃપા છે. સંસારનાં સુખો પુણ્યથી મળે છે, જ્યારે ભગવાનની કૃપાથી તો સંસાર છૂટી જાય, અજ્ઞાનનો અધિકાર આત્મા ઉપરથી ઊઠી જાય ત્યારે જ્ઞાની બનાય. આવા જ્ઞાની જે ક્રિયા કરે તે અધ્યાત્મ છે. જ્ઞાની સુખ ભોગવે તોપણ નિર્જરા કરે. કારણ કે જ્ઞાનીને સુખ ભોગવતી વખતે સુખ ભોગવવાનો અધ્યવસાય નથી હોતો, પુણ્ય પૂરું કરવાનો અધ્યવસાય હોય છે. જેને શરીરનું સુખ ભોગવવું નથી તેનો આત્માનો ઉદ્દેશ ટકી જ રહ્યો છે. અધ્યાત્મની ક્રિયા બનાવવા માટે શરીરને અનુકૂળ પડે એવું નથી કરવું, આત્માને જે અનુકૂળ હોય તેવું કરવું છે. આજે તો અમારાં સાધુસાધ્વી બોલવા લાગ્યાં કે 'આપણા ભગવાને આપણા શરીરની પણ કેટલી ચિંતા કરી છે. દર પંદર દિવસે ઉપવાસ કરવાનું કહ્યું. એના કારણે શરીર સારું રહે. પેટને આરામ આપીએ તો તેની પણ શુદ્ધિ થઈ જાય, દર છ મહિને ઋતુચક્ર ફરે એ વખતે નવ આયંબિલ કરવાથી શરીરમાં સ્ફૂર્તિ રહે છે...' આવું આવું બોલે તે અધ્યાત્મની વાત કઈ રીતે કરી શકે ?

સ૦ એ લોકો આનુષંગિક ફળને આગળ કરે છે.

જે આનુષંગિક હોય તેને ફળ ન કહેવાય. ચોખાની સાથે ફોતરા પણ ડાંગરમાં આવે છતાં ચોખાને ફળ કહેવાય, ફોતરાને તો ફળ ન કહેવાય ને ? શરીરનું સુખ તો ફોતરાની તોલે ય નથી. દેવલોકના સમકિતી દેવો પોતાના દેવલોકના સુખને તૃણ-ઘાસની તોલે પણ નથી ગણતા. આપણે દેવલોકને સાધનાનું ફળ માનીએ ને ? દેવો જેને ઘાસતુલ્ય પણ નથી ગણતા તેને આપણે ફળ માનીએ - એ તો મૂર્ખાઈ છે ને ? આપણે આત્મલક્ષી ધર્મ



કરવો છે, શરીરલક્ષી નહિ. શ્રી ઋષભદેવભગવાને ગૃહસ્થપણામાં બધી લોકનીતિ શીખવી પરંતુ દીક્ષા લીધા પછી સાથે આવેલા ચાર હજારને ભિક્ષાવિધિ ન જણાવી. કારણ કે મોહનો અધિકાર આત્મા ઉપરથી ઊઠે નહિ ત્યાં સુધી સ્વતંત્રપણે આત્મલક્ષી ધર્મ બતાવી ન શકાય. મોહનો અધિકાર આત્મા ઉપરથી ઊઠી જવો જોઈએ, આત્માનો ઉદ્દેશ હોવો જોઈએ અને ક્રિયા શુદ્ધ હોવી જોઈએ : આ ત્રણના જેટલા ભાંગા થાય તે વિચારવા. તેમાંથી ત્રણે જેમાં હોય એ જ શુદ્ધ ભાંગો અધ્યાત્મસ્વરૂપ છે.

આ અધ્યાત્મ દરેક ક્રિયામાં સમાયેલું છે એ આગળની ગાથાથી જણાવે છે -

**सामायिकं यथा सर्वचारित्रेष्वनुवृत्तिमत् ।**
**अध्यात्मं सर्वयोगेषु, तथाऽनुगतमिष्यते ।।३।।**

સામાયિક જે રીતે પાંચે પ્રકારના ચારિત્રમાં સમાયેલું છે તેમ અધ્યાત્મ પણ સર્વ યોગોમાં સમાય છે. સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત આ પાંચે ચારિત્રમાં સામાયિક સમાયેલું છે. તે જ રીતે સર્વ યોગોમાં આ અધ્યાત્મ સમાયેલું છે. હવે ચૌદે ગુણસ્થાનકની ક્રિયામાં અધ્યાત્મ સમાયેલું છે - તે જણાવે છે.

**अपुनर्बन्धकाद् यावद् गुणस्थानं चतुर्दशम् ।**
**क्रमशुद्धिमती तावत् क्रियाऽध्यात्ममयी मता ।।४।।**

અપુનર્બંધકદશામાં પહેલા ગુણઠાણે અધ્યાત્મ હોય છે ત્યાંથી માંડીને ચૌદમા ગુણઠાણા સુધી ક્રમસર શુદ્ધિવાળી જે ક્રિયા છે તેને અધ્યાત્મ કહેવાય. અપુનર્બંધકદશાને જણાવવા માટે ત્રણ લિંગો આપ્યાં છે. પાપ તીવ્ર ભાવે ન કરે, સંસાર ઉપર બહુમાન ન રાખે અને સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરે તે

અપુનર્બંધકદશા છે. પાપ કરતી વખતે પાપ કરવાનું મન તો હોય પરંતુ તીવ્ર પરિણામ ન હોય. તીવ્ર ભાવ તેને કહેવાય કે જેમાં પાપ રાચીમાચીને કરાય છે, ન છૂટકે નહિ. પાપ કર્યા પછી કબૂલ કરવાની વૃત્તિના બદલે બચાવ કરવાની વૃત્તિ હોય તેનું નામ તીવ્રભાવ. આપણી દુષ્ટ પ્રવૃત્તિથી આપણી આંખમાં આંસુ આવે તો મંદ ભાવ, પરંતુ સામાની આંખમાં આંસુ આવે તે તીવ્રભાવ. કષાય કર્યા પછી સામાની આંખમાં આંસુ આવે તો તરત શાંત થઈ જઈએ - એ મંદભાવ છે અને એવા વખતે 'આટલું કહ્યું એમાં રડવા શું બેઠા ? ભૂલ થાય તો કોઈ પણ કહે...' વગેરે બોલવું તે તીવ્રકષાય છે. એ જ રીતે સંસાર પ્રત્યે માન હોય પણ બહુમાન ન હોય. સંસારનું સુખ મળે ત્યારે 'લાવો લાવો' કહેવું- એ બહુમાન અને 'લાવો' કહેવું તે માન. સુખ મેળવવા પ્રયત્ન કરવો તે માન અને ગમે તે ભોગે સુખ મેળવવું તે બહુમાન. સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ તેને કહેવાય કે જેમાં કોઈને પણ દુઃખ આપવાનો કે ઉતારી પાડવાનો ભાવ ન હોય. આપણને જેવું વર્ત્તન ન ગમે તેવું વર્ત્તન બીજા પ્રત્યે ન કરવું તેનું નામ ઔચિત્ય. જોકે અહીં અપુનર્બંધકદશાનાં લિંગો ન જણાવતાં જેઓ અપુનર્બંધક દશા પામ્યા નથી - એ જીવો કેવા હોય છે તે જણાવવાનું કામ આગળની ગાથાથી કર્યું છે. જે અપુનર્બંધક દશા પામ્યા નથી તે જીવો ભવાભિનંદી એટલે કે સંસારમાં આનંદ પામવાના સ્વભાવવાળા હોય છે. આવા જીવો જે કોઈ ધર્મક્રિયા કરે તે અધ્યાત્મરૂપ નથી, પરંતુ અધ્યાત્મની વૈરિણી છે. આને નિષેધમુખેન નિરૂપણ કહેવાય. અપુનર્બંધકદશા પામેલા જીવો કેવા ન હોય તે હવે જણાવે છે-

**आहारोपधिपूजर्द्धि–गौरवप्रतिबन्धतः ।**
**भवाभिनन्दी यां कुर्यात् सा क्रियाऽध्यात्मवैरिणी ।।५।।**



અપુનર્બંધક દશાથી માંડીને ચૌદમા ગુણઠાણા સુધીની ક્રમે કરીને શુદ્ધિવાળી જે ક્રિયા છે તે બધી જ અધ્યાત્મમયી છે. જો આ રીતે અધ્યાત્મ માનવાનું હોય તો દરેકની ક્રિયા અધ્યાત્મમયી મનાય - આવી શંકા કોઈને હોય તો તેના નિરાકરણમાં કઈ ક્રિયા અધ્યાત્મમાં ગણાતી નથી તે જણાવે છે. આહારની ઈચ્છાથી, ઉપધિ-વસ્ત્રાદિ ઉપકરણની ઈચ્છાથી, પૂજા એટલે કે માનસન્માનની ઈચ્છાથી, ઋદ્ધિ એટલે વૈભવની અથવા સત્તાની ઈચ્છાથી તેમ જ રસગારવ ઋદ્ધિગારવ અને સાતાગારવની ઈચ્છાથી જે કોઈ ક્રિયા કરાય છે તે બધી જ ક્રિયા અધ્યાત્મની વૈરી છે. સારું ખાવા મળે તે માટે તપ વગેરે ધર્મ કરીએ, સારામાં સારી પ્રભાવના મળે માટે ધર્મ કરીએ, લોકો આપણને ધર્માત્મા-આત્માર્થી ગણે તે માટે ધર્મ કરીએ, લોકો આપણને ટ્રસ્ટી બનાવે, પ્રમુખ બનાવે એવા આશયથી ધર્મ કરીએ, આગળ વધીને રસનાની લાલસા પુષ્ટ કરવા ધર્મ કરીએ, દેવેન્દ્રાદિની ઋદ્ધિ મેળવવા ધર્મ કરીએ અથવા શાતા સારી રહે માટે ધર્મ કરીએ તો એ બધો જ ધર્મ અધ્યાત્મમાં નથી ગણાતો. ઉપરથી એ ધર્મ અધ્યાત્મનો વૈરી છે. અધ્યાત્મની પ્રાથમિક કક્ષામાં પણ સુખનો ઉદ્દેશ હોતો નથી. આપણે જે ધર્મ કરીએ છીએ તેમાં આવી એકે ઈચ્છા છે કે નહિ તે વિચારી લેવું છે. આપણે બીજાને કહીએ કે ન કહીએ, આપણી જાતને પૂછવાની જરૂર છે. આ બધી ઈચ્છાઓ પડી હોય ત્યાં સુધી આપણે અપુનર્બંધકદશા પામ્યા નથી - એમ માનવું પડે. આપણે આહારની ઈચ્છાથી ધર્મ કરીએ છીએ ને ? અમે શરૂઆતમાં આયંબિલ કરતા હતા ત્યારે આ જ આશય હતો કે એકાસણામાં મોડું ખાવા મળે, ઠંડું મળે. જ્યારે આયંબિલમાં ગરમાગરમ ખાવા મળે અને વહેલું મળે અને ઉપરથી તપસ્વીમાં ગણાઈએ. આ આહાર માટેનો જ ધર્મ હતો ને ? અમારું દૃષ્ટાંત તમને સમજાવ્યું, હવે તમે જાતે વિચારી લો.

સ૦ ભક્તિ કરનાર વસ્તુ જ એવી બનાવે કે મન લલચાઈ જાય.

આપણું મન લલચાય એવા સ્થાને જવું નહિ. ભક્તિ કરનાર તો સારી વસ્તુ બનાવશે, આપણે જ ધ્યાન રાખવું પડશે. આપણને સારું ખાવાની લાલસા છે માટે લઈએ છીએ, ભક્તિ કરે છે માટે નહિ. ભક્તિ કરનાર ગમે તેટલી વસ્તુ બનાવે - આપણે રોટલી-દાળ-ભાત-શાક આ ચાર વસ્તુનો નિયમ કરીને જમવા જવું. આપણે આહાર માટે ધર્મ કરવો નથી. બીજા ક્રમે જણાવ્યું છે કે ઉપધિ માટે અર્થાત્ સારી પ્રભાવના મળે એ માટે ધર્મ નથી કરવો. પ્રભાવનાની જાહેરાત કરીને ઉપધાન વગેરે અનુષ્ઠાન કરાવવાં એ આવા પ્રકારનો ધર્મ છે. એક ઠેકાણે ઉપધાનવાળાને સોનાની ચેન આપવાનું જાહેર કરેલું. એક બહેન પૌષધ પારવા તૈયાર થયાં. તે વખતે સાધુ મહાત્માએ કહ્યું કે સોનાની ચેન મળવાની છે, તો બહેને પૌષધ ન પાર્યો, આ રીતે ધર્મ કરાય નહિ, કરાવાય પણ નહિ.

સ૦ એવી લાલચથી ધર્મ કર્યા પછી પણ કોઈ પામી જાય - એવું બને ને ?

બને, પણ એવું કરવાની રજા ન અપાય. કોઈક વાર પડવાથી હાડકું સંધાઈ જાય તો પડવાની રજા અપાય ? ઘણા લોકો પરણ્યા પછી ધર્મ પામી જાય અને ઉપરથી કહે કે 'પાત્ર એટલું સરસ છે કે મારી જિંદગી બદલાઈ ગઈ.' જેને ગુરુ ન સુધારે, મા-બાપ ન સુધારે તેને પત્ની સુધારે, તો તેમને પરણવાની રજા અપાય ? આશ્રવ પણ સંવર બને એટલામાત્રથી આશ્રવ સેવવાની રજા ન અપાય. પામવાના રસ્તા ઘણા હોય પણ રાજમાર્ગ છોડીને કેડીએ ન જવાય. લોકો કઈ રીતે ધર્મ કરે છે કે કરાવે છે - એ આપણે નથી જોવું. આપણે કેવી રીતે ધર્મ કરવો એ વિચારવું છે. માનસન્માનની



ઈચ્છાથી પણ ધર્મ નથી કરવો. લોકો આપણને ધર્મી માને, તપસ્વી માને, આત્માર્થી માને માટે સારી ક્રિયા કરવી - એવું નથી કરવું. એ જ રીતે સંઘમાં ટ્રસ્ટી, પ્રમુખ વગેરેની સત્તા મેળવવા માટે ધર્મ નથી કરવો. એક ભાઈ ક્યારે પણ પૂજા કરતા ન હતા, તે પૂજા કરવા લાગ્યા. તેમને પૂછ્યું કે 'તમે પૂજા કરતા થઈ ગયા ?' ત્યારે તેમણે કહ્યું કે, 'હવે આપણે ટ્રસ્ટી થયા, હવે પૂજા કર્યા વિના ન ચાલે.' આ ઋદ્ધિ-સત્તા માટે કરેલો ધર્મ છે. આવો ધર્મ આપણે નથી કરવો. તે જ રીતે ત્રણ પ્રકારના ગારવ પણ પ્રસિદ્ધ છે. તેના માટે ધર્મ નથી કરવો. જેઓ ભવાભિનંદી એટલે કે ભવમાં જ આનંદ પામવાના સ્વભાવવાળા હોય તેઓ આ રીતે આહારાદિની ઈચ્છાથી ધર્મક્રિયા કરતા હોય છે, તેમની એ ક્રિયા તેમને અધ્યાત્મથી દૂર લઈ જનારી છે.

ભવાભિનંદીનાં લક્ષણો આગળની ગાથાથી જણાવે છે :

**क्षुद्रो लाभरति र्दीनो मत्सरी भयवान् शठः ।**
**अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसङ्गतः ।।६।।**

અધ્યાત્મનું સ્વરૂપ સમજાવતી વખતે જે ક્રિયા અધ્યાત્મસ્વરૂપ નથી તેને પણ સમજાવવાનું કામ અહીં કર્યું છે. દરેક દર્શનકારોની આ શૈલી છે કે વસ્તુના સ્વરૂપને જણાવતી વખતે તેની અસાધારણ વિશેષતા જણાવવી. અસાધારણ એટલે જે સાધારણ ન હોય તે. જેનું સ્વરૂપ સમજાવીએ છીએ તેનાથી જુદી વસ્તુના ગુણધર્મો એમાં નથી એ સમજાવવું જરૂરી છે. જેને ઘોડાનું સ્વરૂપ જણાવવું હોય તેને 'આ ગાય નથી, ગધેડો નથી...' એવું જણાવવું જ પડે ને ? એક પેન્સિલ કોને કહેવાય તે જણાવતી વખતે તે પેનથી જુદી છે, ટેબલથી જુદી છે - એ બતાવવું પડે. વસ્તુમાં કયા ગુણધર્મો છે - એ જણાવવું તેને શાસ્ત્રીય પરિભાષામાં અન્વય કહેવાય. અને વસ્તુમાં કયા

ગુણધર્મો નથી - એ જણાવવું તેને વ્યતિરેક કહેવાય. ધર્મનું સ્વરૂપ સમજતી વખતે અધર્મ કોને કહેવાય એ સમજવું જરૂરી છે. નહિ તો આપણે અધર્મને ધર્મ માની બેસીએ. એ જ રીતે જે ક્રિયાઓ અધ્યાત્મના શત્રુની ગરજ સારે છે તેને આપણે અધ્યાત્મ માની ન બેસીએ તે માટે અહીં અનધ્યાત્મસ્વરૂપ ભવાભિનંદીનું સ્વરૂપ જણાવવાનું કામ કર્યું છે. સંસારમાં જ આનંદ પામવાના સ્વભાવવાળા જીવો કેવા હોય છે તે માટે આઠ લક્ષણ બતાવ્યાં છે - (૧) ક્ષુદ્ર, (૨) લાભમાં રતિ, (૩) દીન, (૪) મત્સરી, (૫) ભયવાન, (૬) શઠ, (૭) અજ્ઞ, (૮) નિષ્ફલારંભસંગત. ક્ષુદ્ર તેને કહેવાય કે જેઓ તુચ્છમતિવાળા હોય. ક્ષુદ્રતા એ એક પ્રકારની કૃપણતા છે. કૃપણતા એટલે બચાવવાની વૃત્તિ. લોભ અને કૃપણતામાં ફરક છે. લોભમાં મેળવવાની વૃત્તિ હોય છે. કૃપણતામાં બચાવી રાખવાની વૃત્તિ હોય. ધર્મ કરતી વખતે બચાવવાની વૃત્તિ ન જોઈએ. બાહ્ય રીતે ધર્મ કરવા માટે પૈસાની જરૂર પડે અને અભ્યંતર રીતે ધર્મ કરવા માટે મન-વચન-કાયાના યોગો ફોરવવાની જરૂર પડે. ગૃહસ્થપણાનો ધર્મ પૈસાની ઉદારતા વિના ન થાય અને સાધુપણાનો ધર્મ મન-વચન-કાયાના યોગોને ફોરવ્યા વિના ન થાય. પૈસા બચાવવાની વૃત્તિવાળા ધર્મ નહિ કરી શકે. વધારે ખરચવું તે ઉદારતા નથી, કશું રાખવું નહિ તેનું નામ ઉદારતા. જેટલું છે એટલું વાપરવાની વૃત્તિ કેળવીએ તો ક્ષુદ્રતા ટળી જાય. મન-વચન-કાયાના યોગોને પણ વાપરતી વખતે કચાશ નથી રાખવી. પૈસો પુણ્યથી મળે છે અને મન-વચન-કાયાના યોગો પણ પુણ્યથી મળે છે. આ પુણ્યનો ઉપયોગ કરી લેવો છે. આજે પૈસો છે તો ધર્મમાં વાપરી લેવો છે, આવતી કાલની ચિંતા નથી કરવી. આવતી કાલની ચિંતા થશે તો બચાવવાની વૃત્તિ આવવાની જ. મનથી શુભ ચિંતન કરવું, વચનથી પ્રતિક્રમણનાં સૂત્રો બધાં જ આપણે એકલાએ બોલવાં છે. કાયાથી બધાં કામ આપણે કરવાં છે. ક્ષુદ્રતા ટાળવી



હશે અને ઉદારતા કેળવવી હશે તો બચાવવાની વૃત્તિ ટાળીને છોડવાની વૃત્તિ કેળવવી પડશે. પુણ્યાનુબંધી પુણ્ય જે બંધાય છે તે આપવાની વૃત્તિના કારણે નહિ, છોડવાની વૃત્તિના કારણે બંધાય છે. તમે સુપાત્રદાન કરો ત્યારે પણ વૃત્તિ કઈ હોય ? છોડવાની જ ને ? શાલિભદ્રજીએ પુણ્યાનુબંધી પુણ્ય બાંધ્યું તે ક્યારે ? પોતાના માટે કશું રાખ્યું નહિ ત્યારે. તમારે રાખીને, બચાવીને પુણ્યાનુબંધી પુણ્ય બાંધવું છે - એ શક્ય નથી !

સ૦ શાલિભદ્રજીને પુણ્યાનુબંધી પુણ્યથી મળ્યું તો છોડ્યું ને ? તેમ અમે પણ છોડશું.

એમને મળ્યું માટે નથી છોડ્યું, મળેલું ઓછું લાગ્યું માટે છોડ્યું. તમને ઓછું લાગતું નથી ? અને ઓછું લાગે તો તમે છોડવાને બદલે ભેગું કરવા જાઓ છો, માટે પુણ્યાનુબંધી પુણ્ય નથી બંધાતું. પુણ્ય ભોગવવાની વૃત્તિ હોય, તેને પુણ્યાનુબંધી પુણ્ય ન બંધાય. આપણે કશું રાખવું નથી. દીક્ષા લેવાની ભાવના હોય તેને રાખવાની ભાવના હોય જ નહિ. બધું જતું રહે તો ય વાંધો નથી. કારણ કે રાખવું જ નથી, સંસારમાં રહેવું જ નથી.

સ૦ ગૃહસ્થપણામાં છઠ્ઠું ગુણઠાણું આવે જ નહિ ?

ગૃહસ્થવેષમાં છઠ્ઠું ગુણઠાણું આવે - એની ના નથી, પરંતુ એ ગુણઠાણું સાધુપણા વિના ટકે નહિ. તમારે ગુણઠાણું પામવું છે કે ટકાવવું છે ? ભરતમહારાજા ગૃહસ્થવેષમાં ગુણઠાણું પામ્યા પણ પછી દેવતાએ સાધુવેષ આપ્યો, ત્યારે ગુણઠાણું ટક્યું.

ક્ષુદ્રતા પછી બીજું લક્ષણ લાભમાં રતિ જણાવ્યું છે. જેઓ કૃપણ હોય તે પોતાનું તો વાપરે જ નહિ, ઉપરથી મફતનું મળે તેમાં રાજી થાય :

આનું નામ લાભરતિ. પોતાનું છોડે નહિ અને પારકું વાપર્યા કરે, તેમાં રાજી થાય આ ભવાભિનંદીનું લક્ષણ છે. પુણ્યથી મળેલામાં જેને આનંદ થાય, રતિ થાય તે ભવાભિનંદી હોય. અધ્યાત્મસારમાં આગળ જણાવ્યું છે કે પુણ્યથી મળેલું પણ પારકું છે, આપણું નથી.

સ૦ પુણ્ય તો આપણે પોતે ઉપાર્જેલું છે ને ?

છતાં આત્માને એની સાથે લેવા-દેવા નથી. પુણ્ય એ કર્મ છે આત્માનો ગુણ નથી. રસ્તે ધૂળ પડી હોય અને આપણા કપડાં ઉપર લાગે તો તે ધૂળ આપણી કહેવાય ?

સ૦ એટલે પુણ્યને ધૂળ જેવું માનવું ?

પુણ્યને ધૂળ જેવું તો શાસ્ત્રકારોએ કહેલું છે. પુણ્ય એ કર્મ છે અને કર્મ એ આત્મા ઉપર લાગેલી ધૂળ છે. આથી જ લોગસ્સસૂત્રમાં રોજ વિહુયરયમલા બોલીએ છીએ. આ તો લોગસ્સથી શરૂ કરે અને 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' ઉપર જઈને ગાડી ઊભી રહે, તો આ યાદ ક્યાંથી આવે ? પુણ્ય કે પાપ બંન્ને કર્મરજ છે એ બંન્નેને ખંખેરીને ભગવાન સિદ્ધ થયા. ધૂળનું સ્થાન ક્યાં હોય ? રસ્તા ઉપર ને ? ઘરમાં નહિ ને ? તેમ પુણ્યને આપણે ભોગવવું નથી. પારકું માનીને છોડવું છે. લાભમાં રતિ ટાળવી હોય તો બીજાની વસ્તુ વાપરવી નથી – એ નિયમ લેવો છે.

લાભરતિ પછી દીનતા જણાવી છે. દીન એટલે માંગવાની વૃત્તિવાળા. ન આપે તો માંગ્યા કરવું, 'મને આપો ને ?' આ રીતે કાયમ માટે મોઢું પડેલું રાખવું તેનું નામ દીનતા. પોતાના દુ:ખને રોયા કરે અને દુ:ખ ટાળવાની પ્રાર્થના કર્યા કરે તે બધા દીન સ્વભાવવાળા છે. આ બધાં લક્ષણો



ભવાભિનંદીપણાનાં છે. બચાવવાના બદલે છોડવાની વૃત્તિ કેળવીએ તો ક્ષુદ્રતા જાય. મફતની વસ્તુ ન રાખવાનો નિયમ લઈએ તો લાભરતિ ટળે.

સ૦ આપને લાભની સાથે વિરોધ છે કે રતિની સાથે ?

તમને સાપની સાથે વિરોધ છે કે સાપના ઝેરની સાથે ? બંન્નેની સાથે ને ? તેમ અહીં પણ સૌથી પહેલાં લાભથી દૂર રહેવું છે અને કદાચ લાભ ન ટળે તો રતિ તો ટાળવી છે. લાભ રાખીને રતિ ટાળવાની ભાવના હશે તો રતિ નહિ ટળે. દીનતા ટાળવા માટે દુ:ખની ફરિયાદ કરવાનું બંધ કરવું છે.

આપણે જોઈ ગયા કે રાખવાની વૃત્તિ એ કૃપણતા છે. આપણી પાસે જે પણ વસ્તુઓ છે – એ સંસારમાં રાખનારી જ છે ને ? જે ચીજ સંસારમાં રાખે તેને બચાવી રાખવાની કે કાઢી નાંખવાની ? આપણે સંસારમાં રહેવું નથી તેથી સંસારમાં રાખનારી ચીજ છોડવી છે.

સ૦ પરિવારની ચિંતા નહિ કરવાની ?

તમને રોગ થાય તો પરિવારની ચિંતા કરવા માટે ઘરમાં બેસી રહો કે પરિવારને મૂકીને હોસ્પિટલ ભેગા થાઓ ? તો સંસારરૂપ રોગ થયા પછી સાધુપણામાં જવું જોઈએ ને ?

સ૦ સાજા થયા પછી પાછી પરિવારની ચિંતા કરીએ ને ?

અહીં પણ સાધુ થયા પછી પરિવારને એક આલંબન મળી રહેશે.

સ૦ એની ખાતરી ખરી ?

તમારે ત્યાં હોસ્પિટલમાં ગયેલા સાજા થશે તેની ખાતરી ખરી ? છતાં આરોગ્યની ઈચ્છા પ્રબળ હોવાથી જાઓ ને ? મારા ગુરુમહારાજ કહેતા હતા

કે અમારે ત્યાં એક પણ કેસ ફેઈલ નથી. તમારે ત્યાં ઘણા ફેઈલ છે. અનંતજ્ઞાનીઓના કીધા મુજબ જેઓએ સાધના કરી તે બધા જ મોક્ષે ગયા. જ્યારે ડોક્ટરના કહ્યા મુજબ દવા લેનારા ઘણા સાજા નથી થયા. તમારે ત્યાં ધંધો કરનાર કમાશે – એની ખાતરી છે કે ગુમાવે પણ ખરા ? આપણે મોક્ષમાં જવું હશે તો કૃપણતા ટાળીને ઉદારતા કેળવવી જ પડશે.

ત્યાર બાદ લાભમાં રતિની વાત કરી. આપણું નામ ગાજતું થાય તેમાં આનંદ થાય – એ લાભમાં રતિ છે. આપણે લાભમાં રતિ નથી કરવી. આ દુનિયામાં કોઈ પણ ચીજ પુણ્યથી મળે અને પુણ્યથી મળનારી ચીજ મોક્ષસાધક નથી, મોક્ષબાધક છે, તો તેમાં રતિ શા માટે કરવી ?

સ૦ ધર્મસામગ્રી તો પુણ્યથી મળે ને ?

ધર્મસામગ્રી પુણ્યથી મળે કે ક્ષયોપશમભાવથી ?

સ૦ દેવગુરુ તો પુણ્યથી મળે ને ?

દેવગુરુ પુણ્યથી મળે, પણ ઓળખાય છે ક્ષયોપશમભાવથી ને ? જે મળ્યા પછી ઓળખાય નહિ તે શું કામનું ? કિંમતી વસ્તુ મળ્યા પછી તેની કિંમત ન સમજાય તો તે મળ્યું કહેવાય ? દેવગુરુની ઓળખાણ થાય એ જ તેમની પ્રાપ્તિ છે. દેવગુરુની પ્રાપ્તિ યોગાવંચક યોગથી થાય છે, એ પ્રમાણે શાસ્ત્રમાં કહ્યું છે. તેથી દેવગુરુની તાત્ત્વિક પ્રાપ્તિ તો ક્ષયોપશમભાવથી જ થાય.

સ૦ પુણ્ય અને ક્ષયોપશમની વ્યાખ્યા ?

પુણ્ય ઔદયિક ભાવનું છે. જે સુખનો અનુભવ કરાવે, સુખનાં સાધન આપે તેને પુણ્ય કહેવાય. જે સુખને ઉપાદેય ન મનાવે, સુખને હેય મનાવે



તેનું નામ ક્ષયોપશમભાવ. પુણ્યની જરૂર સંસારમાં રહેવા માટે છે, ક્ષયોપશમભાવની જરૂર સંસારથી છૂટવા માટે છે.

સ૦ સુખ ઉપાદેય ન લાગે અને હેય લાગે બંન્ને એક જ ને ?

ના, બંન્નેમાં ફરક છે. સુખ ઉપાદેય ન લાગે તો સુખ માટે દોડધામ ન કરે એટલું બને. જ્યારે સુખને હેય માને તે તો સાધુ થયા વિના ન રહે. આત્માના જ્ઞાનાદિ ગુણો ક્ષયોપશમભાવના છે. ક્ષયોપશમભાવમાં મિથ્યાત્વમોહનીયનો કે ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ મુખ્ય છે. એ બે હોય તો બાકીનાનો ક્ષયોપશમ પેદા થાય જ. જેને જ્ઞાન હોય તે સુખ ભોગવવા મહેનત ન કરે, સુખ છોડવા માટે કરે. જે સુખ છોડવા કામ ન લાગે તેને જ્ઞાન જ ન કહેવાય. જે કામ કરે તેને વસ્તુ કહેવાય. રસ્તે ચાલે તેને ગાડી કહેવાય ને ? જ્ઞાનનું ફળ તો વિરતિ છે. જે અવિરતિને છોડવા ન દે તેને જ્ઞાન ન કહેવાય, જે વિરતિ અપાવે તે જ્ઞાન.

દીનતા પણ લાભમાં રતિના કારણે થાય છે. જેને ન મળે તો ચાલે એવું છે, તે દીન શા માટે બને ? દીનતા પછી માત્સર્ય બતાવ્યું છે. માત્સર્ય એટલે ઈર્ષ્યા. પોતાના લાભમાં રાજી થાય અને બીજાના લાભમાં બળ્યા કરે તે જીવો ભવાભિનંદી હોય. બીજાનું સારું ન ખમાય તે માત્સર્ય છે. આ માત્સર્ય પણ પોતાની સમાન કક્ષામાં થાય. બહેનો ચઢિયાતાં વસ્ત્રો પહેરે તોપણ તમને ઈર્ષ્યા ન આવે ને ? તમે કરોડો કમાઓ તોપણ અમને ઈર્ષ્યા ન થાય. પણ મારી સાથે ભણનારો આગળ વધે, સહદીક્ષિત આચાર્ય કે પંન્યાસ થાય તો અમને ઈર્ષ્યા આવે. જે વસ્તુ મોક્ષસાધક નથી તેની ઈર્ષ્યા શા માટે કરવી છે ? આચાર્યપદ કે પંન્યાસપદ વિના મોક્ષે જવાય ને ? મોક્ષમાં ગયેલાની સંખ્યા બતાવે તો આટલા મુનિઓ કે સાધુઓ મોક્ષે ગયા –

એમ વાત આવે. આચાર્ય કે પંન્યાસની વાત નથી કરી. કારણ કે મોક્ષે જવા માટે આચાર્યપદ જરૂરી નથી, એના વિના પણ મોક્ષ મળે છે. માટે આપણે માત્સર્ય નથી રાખવું.

માત્સર્ય પછી ભય જણાવ્યો છે. જેને લાભમાં રતિ હોય તેને મારું કોઈ ન લઈ જાય – એવો ભય સતાવ્યા જ કરે. એના બદલે 'જે જાય છે એ મારું નથી, મારું છે તે જતું નથી.' આટલું માનીએ તો ભય ન રહે. અપયશ ફેલાય તોપણ ભય નથી રાખવો. કારણ કે ઝાંઝરિયા મુનિનો અપયશ ફેલાવા છતાં મોક્ષ ન અટક્યો. અપયશ ફેલાય એવાં કામ ન કર્યાં હોય તો અપયશથી ગભરાવાની જરૂર નથી. મરણનો પણ ભય નથી રાખવો. કારણ કે મરણ શરીરનું થાય છે, આત્માનું નહીં.

ભય પછી શઠતા જણાવી છે. એક તો ઈર્ષ્યા કરવાની અને ઉપરથી હિતચિંતા કરું છું – એમ કહીને ટાંટિયાખેંચ પ્રવૃત્તિ કરવી તેનું નામ શઠતા. આપણા દોષોને ઢાંકીને તેને ગુણરૂપે ખતવવા આ લુચ્ચાઈ છે. આ ભવાભિનંદીનું લક્ષણ છે. આપણે સરળતા રાખવી છે. ત્યાર બાદ અજ્ઞતા-મૂર્ખતા જણાવી છે. દુઃખનાં સાધનોને સુખનાં સાધન માનવાં તેનું નામ અજ્ઞતા. જે ધર્મ નથી તેને ધર્મ માનવો – તે અજ્ઞતા. જે ઉપકારી નથી તેને ઉપકારી માનવા તેનું નામ અજ્ઞતા-બાલિશતા. આ અજ્ઞતા ટાળવા માટે જ્ઞાનનું અર્થીપણું કેળવવું પડશે. છેલ્લું લક્ષણ નિષ્ફલારંભ છે. ફળ ન મળે એવી પ્રવૃત્તિનો આરંભ કરવો – આ પણ ભવાભિનંદીનું લક્ષણ છે. આપણે ધર્મ કરીએ છીએ પણ તેનું ફળ મળે છે કે નહિ – તેની ચિંતા જ નથી – આ ભવાભિનંદીપણાનું લક્ષણ છે. તપ કરતી વખતે તપના ફળનો વિચાર નથી ને ? ભગવાને સ્વાધ્યાય થાય તેવો તપ કરવાનું ફરમાવ્યું છે. એના બદલે તપ કરનારા સ્વાધ્યાય ન કરે તે ચાલે ?



સ૦ બાહ્ય તપથી નિર્જરા ન થાય ?

અભ્યંતર તપ માટે જ બાહ્ય તપ છે. અભ્યંતર તપ વિનાનો બાહ્ય તપ કર્મનિર્જરાનું કારણ ન બને, માત્ર કાયક્લેશનું કારણ બને. બાહ્ય તપની અસર મુખ્યપણે શરીર ઉપર વર્તાય છે જ્યારે અભ્યંતર તપની અસર મુખ્યપણે આત્મા ઉપર વર્તાય છે.

સ૦ એટલે પ્રધાનતા સ્વાધ્યાયની છે – એમ ?

ના, પ્રધાનતા તપની પણ નહિ, સ્વાધ્યાયની પણ નહિ, કર્મનિર્જરાની છે. આપણી ધર્મપ્રવૃત્તિ કર્મનિર્જરાસ્વરૂપ ફળ ન આપે છતાં એવી પ્રવૃત્તિ ચાલુ રાખીએ અને નિર્જરા માટે પ્રયત્ન ન કરીએ – આ ભવાભિનંદીનું લક્ષણ છે.

**शान्तो दान्तः सदा गुप्तो मोक्षार्थी विश्ववत्सलः ।**
**निर्दम्भां यां क्रियां कुर्यात् साध्यात्मगुणवृद्धये ।।७।।**

અધ્યાત્મને જેઓ પામ્યા નથી તેવા ભવાભિનંદી જીવોનું સ્વરૂપ આપણે જોયું, હવે અધ્યાત્મને પામેલા જીવો કેવા હોય છે અને પોતાની ક્રિયાથી અધ્યાત્મગુણની વૃદ્ધિ કઈ રીતે કરે છે તે જણાવે છે. ભવાભિનંદીપણાનાં જે લક્ષણો જોયાં તેમાંથી એક પણ દોષ આપણામાં હોવો ન જોઈએ : આવો વિચાર તો શ્રોતાના મનમાં આવે ને ? આથી જ આ દોષો ટાળવા અને અધ્યાત્મભાવ પામવા માટે કયા ગુણો જરૂરી છે તે જણાવે છે. તેમાં સૌથી પહેલો ગુણ શાંતતા છે. ભગવાનના શાસનની શરૂઆત ઉપશમભાવથી થાય છે. ગુણ અને ગુણીનો અભેદ છે – તે જણાવવા અહીં ગુણીની પ્રધાનતાએ ગુણો જણાવ્યા છે. જે (૧) શાંત હોય, (૨) દાંત હોય, (૩) સદા મન-વચન-કાયાથી ગુપ્ત હોય, (૪) મોક્ષનો અર્થી હોય, (૫) સર્વ જીવ પ્રત્યે વત્સલભાવ રાખનારો હોય, (૬) દંભ વિનાની ક્રિયા કરનારો

હોય તેના અધ્યાત્મભાવની વૃદ્ધિ થાય. અહીં પણ મન-વચન-કાયાની ગુપ્તિને જાુદી ગણીએ તો આઠ ગુણો થાય. ભવાભિનંદીના દોષો ટાળીને અધ્યાત્મના ગુણો પામવા છે. પહેલા બે ગુણ વિષય-કષાયની પરિણતિને લઈને છે. સુખનો રાગ અને દુ:ખનો દ્વેષ પડ્યો હોય ત્યાં સુધી શાંત અને દાંત અવસ્થા નહિ આવે. સુખનો રાગ છે ત્યાં સુધી વિષયની પરિણતિ નડવાની. વિષયની પરિણતિ નડે ત્યાં સુધી દાંત અવસ્થા ન આવે અને દુ:ખનો દ્વેષ પડ્યો હોય ત્યાં સુધી કષાયની પરિણતિ નડવાની. કષાયની પરિણતિ નડે તેને શાંત અવસ્થા ન મળે. જે જોઈએ છે તે મળી જાય તો વિષયની પરિણતિ નડે અને જે જોઈએ છે તે ન મળે તો કષાયની પરિણતિ નડે. શાંત બનવું હોય તો કષાયને કાઢવા જ પડશે. આપણા ઘરના લોકો આપણું માનતા ન હોય તો તેમાં આપણે ગુસ્સે થવાની જરૂર નથી. છતાં ગુસ્સો કરવો જ હોય તો આપણી જાત ઉપર કરવો છે, કારણ કે ઘરના લોકો આપણું નથી માનતા, પરંતુ આપણે તો ભગવાનનું માનતા નથી. જાત ઉપર ગુસ્સો કરવો એ પ્રશસ્ત કષાય અને પારકા ઉપર ગુસ્સો કરવો એ અપ્રશસ્ત કષાય.

સ૦ ઘરમાં કોઈ ખોટું કરતું હોય તો બોલવું નહિ ?

ન બોલવું. એસ.ટી. સ્ટેન્ડ ઉપર ઝઘડો થાય તો તમે ઝઘડો શાંત કરવા ઊભા રહો કે ત્યાંથી ખસી જાઓ ? ઘરને એસ.ટી. સ્ટેન્ડ માની લો તો ગુસ્સો નહિ આવે. ઘરમાં કેટલું ખોટું ચાલે છે - એ નથી જોવું, ઘર કેટલું ખોટું છે - તે વિચારવું છે.

સ૦ જવાબદારીના સ્થાને હોઈએ તો ગુસ્સો કરવો પડે ને ?

તમને ગુસ્સો કરવો પડે તેની વાત નથી, તમે ગુસ્સો કરો છો - એની વાત છે. ગુસ્સો કરવો પડે તો તે નહિ નડે, પણ ગુસ્સો કરશો



તો નડશે જ. અમારે ત્યાં પણ જો હિંસા કરવી પડે તો દોષ ન લાગે, હિંસા કરીએ તો દોષ લાગે. અમે નદી ઊતરીએ તો વિરાધનાનું પાપ ન લાગે પણ કાચા પાણીમાં પગ મૂકીએ તો વિરાધનાનું પાપ લાગે. જે કરવી પડે તેને સ્વરૂપહિંસા કહેવાય. જે કરીએ તેને અનુબંધહિંસા કહેવાય. સાધુભગવંતો અપવાદના સ્થાને અપવાદ સેવે તોપણ તે આરાધના છે અને અપવાદના સ્થાને ઉત્સર્ગનો આગ્રહ રાખે તે વિરાધના છે, મિથ્યાત્વ છે. અપવાદનું સ્થાન છે કે નહિ તે આપણે જાતે નક્કી નથી કરવાનું, ગુરુભગવંત નક્કી કરશે. આપણે કષાય કરવા નથી. કષાય આવી જાય તો ટાળવા છે. શાંત અને દાંત અવસ્થા એ અધ્યાત્મભાવ પામવાનું પહેલું સાધન છે.

સ૦ આપણે ખમાવવા જઈએ ને સામો વધુ ગુસ્સો કરે તો ખમાવવું કે નહિ ?

આપણે આપણા કષાયને શાંત કરવા છે. આપણા ભગવાનની આજ્ઞા છે માટે આપણે ખમાવવું છે. આપણે જો નહિ ખમાવીએ તો આપણા કષાય અનંતાનુબંધીના થશે. સામાના કષાય અનંતાનુબંધીના થાય છે કે નહિ તેનો વિચાર કરવાના બદલે આપણા કષાય અનંતાનુબંધીના ન બને તેની ચિંતા કરવી છે. શ્રી કલ્પસૂત્રમાં જણાવ્યું છે કે જે ખમાવે છે તેને આરાધના છે. જે ખમાવતા નથી તેને આરાધના નથી. આપણે આપણા વિષયકષાયની ચિંતા કરવી છે, બીજાના નહિ. ભગવાનની આજ્ઞા આપણી જાતને સુધારવાની છે, બીજાને નહિ. આપણે સામા માણસની ઉત્તમ દ્રવ્યોથી ભક્તિ કરવાની. એ વખતે જો એવું વિચારવા બેસીએ કે 'એને રાગ થશે તો એ દુર્ગતિમાં જશે' તો તો ભક્તિ જ કરી નહિ શકાય.

સ૦ આપણને ઉત્તમ દ્રવ્યોથી રાગ થતો હોય તો શું કરવું ?

આપણે ત્યાંથી ખસી જવું. દૂધપાક-બાસુંદી કે દહીંવડાનો ત્યાગ કરી લેવાનો અને રોટલી-દાળ-ભાત-શાક વાપરીને ઊઠી જવું. ભક્તિ કરવાની આજ્ઞા છે, ભક્તિ લેવાની નહિ. રાગ-દ્વેષ અને મોહને મારવાનો ઉપાય શાસ્ત્રમાં બતાવેલો છે. રાગ થાય તો રાગના પાત્રથી દૂર થવું, દ્વેષ થાય તો દ્વેષના પાત્રની નજીક જવું. મોહ ટાળવા માટે ભણવા બેસી જવું. શાસ્ત્રો ભણવાથી અજ્ઞાન દૂર થાય અને અજ્ઞાન દૂર થાય તો મોહ ન નડે. સૌથી વધુ રાગ સુખ ઉપર છે. કોઈ પણ વસ્તુ કે વ્યક્તિના રાગના મૂળમાં પણ સુખનો રાગ જ કામ કરે છે. તેથી રાગ મારવા સુખ અને સુખ આપનારાથી દૂર થવું. એ જ રીતે કોઈ પણ દ્વેષના મૂળમાં દુઃખનો દ્વેષ પડેલો છે. તેથી દ્વેષ કાઢવા માટે દુઃખની નજીક જવું, દુઃખ આપનારની નજીક જવું. દ્વેષ કાઢવા માટે રાગ કરવાની જરૂર નથી. શત્રુને મિત્ર બનાવવાની વાત નથી. શત્રુને શત્રુ ન માનીએ તો દ્વેષ ટળે. દ્વેષ ટાળવા માટે મોઢું ચડાવવાની જરૂર નથી, સાથે બેસવાની જરૂર છે. મનમાં આંટી રાખ્યા વિના તેની પાસે જઈએ તો દ્વેષ ટળી જાય : આ ઉપાય યોગશતકમાં જણાવ્યો છે.

અધ્યાત્મની વાત એ બહુ ઊંચી વાત છે એમ માનવાના બદલે અધ્યાત્મની વાત એ પાયાની વાત છે - એટલું સમજી લેવાની જરૂર છે. આપણે જે ધર્મ કરીએ છીએ તે સંસારથી તારનારો જ હોવો જોઈએ. આપણો ધર્મ સંસારથી તારનારો ત્યારે જ બને કે જ્યારે તે અધ્યાત્મમય હોય. સંસારથી તરવું - એ બહુ ઊંચી વાત છે કે પાયાની વાત છે ? અધ્યાત્મની વાત પાયાની છે - એમ લાગે તો જ અધ્યાત્મની વાત સમજાશે. અધ્યાત્મને પામેલા જીવો કેવા હોય - એ વાત આપણે શરૂ કરી છે. ધર્માત્મા શાંત



જ હોવો જોઈએ. ધર્મ કરનાર માણસ અશાંત હોય તો તે ધર્મ કરવા માટે યોગ્ય નથી. ધર્મ કરતી વખતે ગુસ્સો આવે એ ન ચાલે. અધ્યાત્મની વૃદ્ધિ કરવી હોય તો વિષયકષાયની પરિણતિ શાંત કરવી જ પડશે. આપણા તપથી ગુસ્સો આવતો હોય તો તેવો તપ નહિ કરવાનો.

સ૦ ક્રોધ એ તપનું અજીર્ણ છે ને ?

અજીર્ણ પણ ખાય તો થાય ને ? અજીર્ણ થાય તો સૌથી પહેલાં ખાવાનું બંધ કરવું પડે ને ? તેમ જે તપના કારણે ગુસ્સો આવતો હોય તેવો તપ નહિ કરવાનો. જે લોકો રોગની દવા કરે જ નહિ, તેવાઓ સાજા ન થાય તો તેની કોઈ ચિંતા ન કરે. પણ જેની ડોક્ટરની દવા ચાલુ હોય તે જો મરવા પડ્યો હોય તો તેને કહેવું પડે કે - કાં તો દવા બદલ કાં તો ડોક્ટર બદલ. જો દવા લેવાથી રોગ વકરતો હોય તો દવા બંધ કરવી પડે ને ? તેમ ઉપવાસ કરીએ ને ગુસ્સો આવતો હોય, પારણે વિશિષ્ટ વસ્તુની અપેક્ષા જાગતી હોય તો એવો તપ ન કરવો. આપણી વાત કષાયને શાંત કરવાની છે, તપ છોડાવવાની નથી. કષાય થતો હોય તો તપ છોડવાની જરૂર નથી, કષાય ન થાય તે રીતે તપ કરવાની જરૂર છે.

શાંત અવસ્થા પછી દાંત અવસ્થા બતાવી છે. ઈન્દ્રિયોનું દમન કરવું તે દાંત અવસ્થા. ઈન્દ્રિયોને જે અનુકૂળ હોય તે ન આપવું એનું નામ ઈન્દ્રિયોનું દમન. અનુકૂળતા માંગવી નહિ અને આવેલી અનુકૂળતા છોડવી તેનું નામ દાંતાવસ્થા.

ત્યાર બાદ ગુપ્તિ જણાવી છે : મનથી અશુભ ચિંતન ન કરવું, વચનથી અશુભ બોલવું નહિ, કાયાથી અશુભ કરવું નહિ.

સ૦ વચનની ગુપ્તિ બહુ કઠિન છે.

કઠિન નથી. એક વાર નક્કી કરવું કે કોઈ પૂછે નહિ ત્યાં સુધી બોલવું જ નહિ. તમે વણમાંગી સલાહ આપવા શા માટે જાઓ છો ? વકીલો તો સલાહ આપવાનો ધંધો લઈને બેઠા છે છતાં પૂછ્યા વગર સલાહ નથી આપતા, તો આપણે શા માટે બોલબોલ કરીએ છીએ ?

સ૦ આપણા ઘરના લોકો ખોટું કરતા હોય તો કહેવું પડે ને ?

જે ઘરમાં તમારું ચાલતું નથી એને તમારું ઘર માનો છો - એ જ તમારી ભૂલ છે. ઘરના લોકો તો ખોટું કરે જ છે. પણ જેને તમારી વાત ગમતી નથી, તમારી વાત માનવી નથી એવાઓને તમે શિખામણ આપો છો - એ ખોટું તમે કરો છો.

સ૦ જવાબદારી લઈને બેઠા હોય તો સંસ્કાર આપવા પડે ને ?

સંસ્કાર પણ યોગ્યને આપવાના. જે ઝીલે તેને સંસ્કાર અપાય, જે પ્રતિકાર કરે તેને સંસ્કાર ન અપાય. અમારે ત્યાં પણ જે યોગ્ય હોય તેની સારણા, વારણા કરવાની. જે તમારા કહ્યામાં હોય એવા પરિવારને સંસ્કાર આપવાના. જે તમારી સામે થાય તેની જવાબદારી બજાવવા ન બેસવું. આપણે જન્મ્યા એ પહેલી ભૂલ, જન્મ્યા પછી આઠમા વર્ષે દીક્ષા ન લીધી અને સંસાર માંડ્યો એ બીજી ભૂલ અને હવે પરિવારને સુધારવા ગૃહસ્થપણામાં રહેવું - એ ત્રીજી ભૂલ છે. બે ભૂલ ન સુધારી શક્યા, ત્રીજી તો સુધારવી છે ને ?

ત્યાર બાદ મોક્ષનું અર્થીપણું જણાવ્યું છે. શાંત, દાંત કે ગુપ્ત અવસ્થા આપણી શાખ જમાવવા માટે, સારા દેખાવા માટે પણ હોઈ શકે. આથી



મોક્ષનું અર્થીપણું જાુદું પાડીને બતાવ્યું. વસ્તુ મળે કે ન મળે પણ પ્રયત્ન છોડે નહિ તેનું નામ અર્થીપણું. જે શ્રદ્ધાથી સંસારમાંથી નીકળ્યા હોઈએ તે શ્રદ્ધાને જાળવી રાખવી તેનું નામ મોક્ષાર્થી. જો મોક્ષનું અર્થીપણું નહિ હોય તો આપણો ધર્મ પણ અધર્મરૂપે પરિણામ પામશે. જેને સંસારનું સુખ ઉપાદેય ન લાગે તેને મોક્ષાર્થી કહેવાય. જેને રમવું ન ગમે ને ભણવું ગમે તેનું નામ મોક્ષાર્થી. જ્ઞાન સાથે ગમ્મતની વાત કરે તે મોક્ષાર્થી ન હોય.

મોક્ષાર્થી પછી વિશ્વવત્સલતા જણાવી છે. કોઈને દુઃખ ન આપવું તેનું નામ વાત્સલ્ય, સુખ આપીને કોઈનું દુઃખ ટાળવાની વાત નથી. દુઃખ ન આપીને દુઃખ ટાળવાની વાત કરવી છે. સાધુભગવંત ખરા વિશ્વવત્સલ છે. કારણ કે તેઓ કોઈને દુઃખ પહોંચાડતા નથી. અંતે દંભરહિત ક્રિયા કરવાનું જણાવ્યું છે. આપણે દંભ નથી કરવો. ક્રિયામાંથી દંભ કાઢવાની વાત છે, ક્રિયા કાઢવાની વાત નથી. કપડામાં જૂ થઈ હોય તો જૂ કાઢવાની કે કપડાં કાઢવાનાં ? પાણીમાંથી કચરો કાઢવાનો કે પાણી ફેંકી દેવાનું ? ભાતમાંથી કાંકરો કાઢવાનો કે ભાત ફેંકી દેવાના ? અધ્યાત્મ પામવા માટે આપણી ક્રિયાઓને શુદ્ધ બનાવવી છે. આ જે શાંત વગેરે ગુણો બતાવ્યા છે તેમાંથી એકે ગુણ પુણ્યથી નથી મળતા. શાંત-દાંત અવસ્થા પુણ્યથી મળે કે પુણ્ય છોડવાથી અને કષાય શાંત કરવાથી મળે ? ગુપ્તિ, મોક્ષાર્થીપણું, વિશ્વવાત્સલ્ય કે દંભરહિત અવસ્થા પુણ્યથી મળે કે ક્ષયોપશમભાવથી ? અધ્યાત્મભાવને પામેલો પુણ્યબંધ સામે નજર ન માંડે, નિર્જરા તરફ લક્ષ્ય રાખે. અધ્યાત્મભાવ પામવા માટે સાધુ થવું જ પડશે. દીક્ષા લેવી છે ને ? આ તો કહે કે દીક્ષા લેવાજેવી છે. તમે દુકાનમાં વસ્તુ લેવા જાઓ, સારામાં સારી વસ્તુ જાુઓ તો 'લેવાજેવી છે' એમ કહો કે 'લેવી છે' કહો ? કદાચ શક્તિ ન પહોંચે તો કહો ને કે 'લેવી તો છે, પણ પોસાય એવું નથી.'

જમણવારમાં જાઓ તો 'જમવાજેવું છે' કહો કે 'જમવું છે' કહો ? સંસાર તરવાજેવો છે કે તરવો છે ? રોગ કાઢવાજેવો છે કે કાઢવો છે ?

હવે આગળ જે ગુણઠાણાનો ક્રમ બતાવ્યો તે અસંખ્યગુણનિર્જરાને લઈને બતાવ્યો છે, પુણ્યબંધને લઈને નહિ. ઘણી વાર એવું બને કે મિથ્યાત્વીનું પુણ્ય વધારે હોય અને સમકિતીનું પુણ્ય ઓછું હોય તેમ જ સમકિતીનું પુણ્ય વધારે હોય અને સર્વવિરતિધરનું પુણ્ય ન હોય. છતાં સમકિતીની આરાધના મિથ્યાત્વીના પુણ્ય કરતાં ચઢિયાતી છે. તે જ રીતે સમકિતીનું પુણ્ય નાનામાં નાના સાધુની નિર્જરાની તોલે ન આવે. આજે તો અમારા સાધુભગવંત પણ પુણ્ય ઓછું હોય તો રડવા બેસે. સાધુને પુણ્યની જરૂર જ ક્યાં છે ? હોય તો કામે લગાડીશું, પણ ન હોય તો રોવા નથી બેસવું.

સ૦ શાસનપ્રભાવના માટે પુણ્ય કામ લાગે ને ?

લાગે. પરંતુ શાસનપ્રભાવના કોણ કરી શકે ? જેણે શાસનની આરાધના કરી હોય તે ને ? શાસનની આરાધના ક્ષયોપશમભાવથી થાય છે. ક્ષયોપશમભાવ મળ્યા પછી પુણ્યનો યોગ મળે તો તેનો ઉપયોગ પ્રભાવના માટે કરીશું. પણ પુણ્ય ન હોય તો આરાધનામાં ખામી નથી આવવાની.

**अत एव जनः पृच्छोत्पन्नसञ्ज्ञः पिपृच्छिषुः ।**
**साधुपार्श्वे जिगमिषुर्धर्म्मं पृच्छन् क्रियास्थितः ।।८।।**

**प्रतिपित्सुः सृजन् पूर्वं, प्रतिपन्नश्च दर्शनम् ।**
**श्राद्धो यतिश्च त्रिविधोऽनन्तांशक्षपकस्तथा ।।९।।**

**दृङ्मोहक्षपको मोहशमकः शान्तमोहकः ।**
**क्षपकः क्षीणमोहश्च जिनोऽयोगी च केवली ।।१०।।**



**यथाक्रममभी प्रोक्ता असङ्ख्यगुणनिर्जराः ।**
**यतितव्यमतोऽध्यात्मवृद्धये कलयाऽपि हि ।।११।।**

આપણે જોઈ ગયા કે અધ્યાત્મમાર્ગે જેને જવું હોય તેણે પુણ્ય ઉપર ભાર ન આપવો, નિર્જરા ઉપર ભાર આપવો. પહેલા ગુણઠાણે પુણ્ય ઘણું હોય અને ચૌદમા ગુણઠાણે પુણ્ય ન હોય એવું ય બને. પુણ્યશાળી સાધુઓને અવધિજ્ઞાન થયા પછી દેવતાઓ મહોત્સવ કરવા આવ્યા અને સ્કંધકાચાર્યના પાંચ સો શિષ્યોને કેવળજ્ઞાન થયું તો કોઈ દેવ ફરક્યા નહિ. પુણ્યના કારણે કેવળજ્ઞાન મળતું નથી અને પુણ્યના અભાવમાં કેવળજ્ઞાન અટકતું નથી. અહીં જે અધ્યાત્મનો વિકાસક્રમ ચાર ગાથાથી જણાવ્યો છે તેનો અર્થ ક્રમસર વિચારવો છે. અહીં સૌથી પહેલાં જણાવ્યું છે કે ધર્મ પૂછવાની સંજ્ઞા જાગે તેને નિર્જરાની શરૂઆત થવા માંડે છે. એના ઉપરથી એ સૂચવ્યું છે કે જેઓ પૂછ્યા વગર ધર્મ કરે તેને નિર્જરા ન થાય. ધર્મ કરવાનું મન થાય તો તરત ગુરુમહારાજને ધર્મ પૂછવા જવાનું. પૂછીને ધર્મ કરવો તે ક્ષયોપશમભાવ અને પૂછ્યા વિનાનો ધર્મ તે ઔદયિકભાવ. કારણ કે પૂછ્યા વિના જે કરે તે ઈચ્છા મુજબ કરે અને ઈચ્છા મુજબ કરવું તેનું નામ ઔદયિકભાવ. જ્યારે આજ્ઞા મુજબ કરવું તેનું નામ ક્ષયોપશમભાવ.

સ૦ સંસારનાં કામ પણ પૂછીને કરવાનાં ?

એમાં શું પૂછવાનું ? સંસારનાં કામ પણ ગુરુને પૂછીને કરીએ તો પાપથી બચાય અને ધર્મ પણ ગુરુને પૂછ્યા વિના કરીએ તો પાપ લાગે. તમે સંસારનાં કામ પૂછવા આવો ત્યારે અમારે શું જવાબ આપવો – એ પણ ભગવાને અમને સમજાવ્યું છે તેથી તેની ચિંતા તમારે કરવાની જરૂર નથી. પૂછવાના કારણે સ્વચ્છંદીપણું ટળે છે અને આજ્ઞા પાળવાના સંસ્કાર

પડે છે. પહેલું સ્થાન ધર્મ પૂછવાનો વિચાર આવે તે. ત્યાર બાદ બીજાં સ્થાન ધર્મ પૂછવાની ઈચ્છા જાગે તે. ત્રીજાં સ્થાન ધર્મ પૂછવાની ઈચ્છા થયા પછી ધર્મ પૂછવા માટે સાધુ પાસે જવાની ઈચ્છા જાગે તે. ચોથું સ્થાન સાધુ પાસે જઈને ધર્મ પૂછવો તે. આ ધર્મ પણ વંદનાદિ ક્રિયામાં રહીને વિનયપૂર્વક પૂછવો તે ચોથું સ્થાન. ત્યાર બાદ સમ્યક્ત્વ ધર્મને સ્વીકારવાની ઈચ્છાવાળો, સમ્યક્ત્વને સ્વીકારતો અને સમ્યક્ત્વને સ્વીકારેલો; એ જ પ્રમાણે શ્રાદ્ધ-યતિમાં પણ ત્રણ-ત્રણ પ્રકાર છે. આ દરેક સ્થાનમાં ક્રમસર અસંખ્યાત-અસંખ્યાત ગુણ નિર્જરા થાય છે. શ્રાદ્ધ એટલે દેશવિરતિધર, યતિ એટલે સર્વવિરતિધર. તેમ જ અનંતાનુબંધીના ચાર કષાયની ક્ષપણા કરનાર, દર્શનમોહનીય કર્મની ક્ષપણા કરનાર, મોહ એટલે ચારિત્રમોહને ઉપશમાવનાર, ચારિત્રમોહનીય કર્મ જેણે ઉપશાંત કર્યું છે તે, મોહને ખપાવનારો, મોહ જેનો ક્ષય પામ્યો છે તે, ચાર ઘાતીકર્મનો ક્ષય જેમણે કર્યો છે તેવા જિન અને અંતે ચાર અઘાતીને ખપાવનારા અયોગી કેવલી ભગવંત... આ બધા જ સ્થાને રહેલા જીવો ક્રમસર અસંખ્યાતગુણ નિર્જરા કરનારા છે તેનું કારણ એ છે કે તેમાં ક્રમસર અધ્યાત્મભાવની વૃદ્ધિ થાય છે. તેથી કાયમ માટે અધ્યાત્મભાવની વૃદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઈએ. અહીં અગિયાર ગુણશ્રેણીને આશ્રયીને વૃદ્ધિ જણાવેલી છે.

અનંતાનુબંધીના કષાયોની ક્ષપણા કરનાર; યતિ કરતાં અસંખ્યાતગુણ નિર્જરા કરે છે. આ વાત સાતમા ગુણઠાણાની અપેક્ષાએ સમજવાની. ચોથા ગુણઠાણે અનંતાનુબંધીની ક્ષપણા કરે તેના પરિણામ સાતમા કરતાં ચઢિયાતા હોય એવું નથી. અનંતાનુબંધીના કષાય જેને ખરાબ લાગે તેના માટે ક્ષપણાની વાત કરવાની. આપણને તો કષાય કરવા જરૂરી લાગે છે ને ? જે દિવસે કષાય ખરાબ લાગશે તે દિવસે અનંતાનુબંધીની ક્ષપણા કરવાનું મન થશે.



સ૦ અનંતાનુબંધીનો લોભ કોને કહેવાય ?

સામાનું ગમે તે થાય, જે થવું હોય તે થાય, ગમે તે ભોગે મારે જોઈએ છે - એનું નામ અનંતાનુબંધીનો લોભ. એક વાર લોભ જો ટળે તો બાકીના ત્રણને ટાળવાનું સહેલું છે.

સ૦ જ્ઞાનીને પણ અનંતાનુબંધીના કષાય નડે ?

જેને કષાય નડે તે જ્ઞાની જ નથી - એમ સમજવું. રોગની હાજરીમાં જેમ શરીરની શક્તિ હણાઈ જાય તેમ મિથ્યાત્વ અને અનંતાનુબંધીના ચાર કષાયની હાજરીમાં જ્ઞાન કટાઈ જાય.

સ૦ કષાયો એટલા ખરાબ લાગતા નથી.

લાગતા નથી આથી તો લગાડવા માટે આ શાસ્ત્રોની રચના છે. શ્રી આચારાંગ સૂત્રમાં જણાવ્યું છે કે જેઓ પોતાની મેળે સમજી જાય તેના માટે શાસ્ત્રની રચના નથી, જેઓ સમજાવ્યા પછી પણ ન સમજે તેના માટે પણ શાસ્ત્રની રચના નથી. જેઓ જાતે ન સમજવા છતાં સમજાવે તો સમજી શકે તેના માટે શાસ્ત્રની રચના છે.

સ૦ વરસથી વધુ ટકે તે અનંતાનુબંધી કષાય હોય તો ચાર-પાંચ વર્ષ સુધી કેસ ચાલુ હોય તેમાં શું સમજવું ?

શ્રાવકનો દીકરો અર્થકામ માટે કોર્ટમાં જાય જ નહિ. અનંતાનુબંધીના કષાયો કાઢવા હશે તો દુનિયાની નાશવંત ચીજો માટે ઝઘડો કર્યે નહિ ચાલે. જેઓ કષાયો દબાવીને આગળ વધે તેના કરતાં જેઓ કષાયને ખપાવવા પ્રયત્ન કરે તેઓ અસંખ્યાતગુણ નિર્જરા કરે છે. તમે રોગ દબાવવા માટે પ્રયત્ન કરો કે રોગ કાઢવા માટે ? કષાયો રોગ કરતાં પણ ભયંકર લાગવા જોઈએ.

સ૦ ક્રોધાદિ ચારે કષાયને કાઢવાનો ઉપાય શું ?

ગુસ્સો આવ્યા પછી સ્થાન છોડવું નહિ અને મૌન તોડવું નહિ, તો ગુસ્સો જીતી શકાશે. પ્રસન્નચંદ્રરાજર્ષિએ ગુસ્સો આવ્યા પછી સ્થાન ન છોડ્યું તો પાછા સ્થિર થઈ ગયા ને ? લોભ ટાળવા માટે ગમતી વસ્તુ સામે નજર માંડવી નથી. એક વાર લોભ અને ક્રોધ ટળ્યા તો બાકીના બે કષાય ટાળવાનું સહેલું છે. 'મારી પાસે કઈ વસ્તુ સારી છે કે જેથી માન કરું' - આવું વિચારો તો માન ટળે અને માયાના વિપાકો વિચારો તો માયા પણ ટળે. કષાય ટાળવાનું સહેલું છે, કષાય ટાળવાનો અધ્યવસાય કેળવવાનું કપરું છે.

**ज्ञानं शुद्धं क्रिया शुद्धेत्यंशौ द्वाविह सङ्गतौ ।**
**चक्रे महारथस्येव पक्षाविव पतत्त्रिणः ।।१२।।**

આપણે ગુણઠાણાના ક્રમે જે અધ્યાત્મની વૃદ્ધિ જોઈ ગયા તે શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા સ્વરૂપ છે. શુદ્ધ ક્રિયાને અધ્યાત્મ તરીકે જણાવી ત્યારે શિષ્યે શંકા કરી કે આ શુદ્ધ ક્રિયા પામવાનો ઉપાય કયો છે ? તેના નિરાકરણમાં જણાવે છે કે ક્રિયા પામવાનો ઉપાય જ્ઞાન છે. જેની પાસે શુદ્ધ જ્ઞાન હોય તે શુદ્ધ ક્રિયાને પામી શકે. શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા : આ બે અંશ અધ્યાત્મના છે. આજે જેને જ્ઞાનની રુચિ છે તેઓ ક્રિયાની ઉપેક્ષા કરે છે અને જેને ક્રિયાની રુચિ હોય તેઓ જ્ઞાનની ઉપેક્ષા કરે છે. તેથી બંન્ને અધ્યાત્મથી રહિત છે. જેઓ ઉભયની રુચિવાળા હોય તેઓ અધ્યાત્મના ધણી છે. જેની પાસે જ્ઞાન ન હોય તેને ક્રિયા ન અપાય. તેથી પહેલાં જ્ઞાન છે અને પછી ક્રિયા છે. તમારે ત્યાં પણ શું નિયમ છે ? તમે નોકરી ઉપર કે ધંધા ઉપર રાખો તો જાણકારને રાખો કે કરનારને ? જે ક્ષેત્રનું જ્ઞાન ન હોય તે ક્ષેત્રમાં ક્રિયા કરવાની રજા તો તમારે ત્યાં પણ નથી મળતી. આથી જ શ્રી દશવૈકાલિક સૂત્રમાં



જણાવ્યું છે કે 'પઢમં નાણં તઓ દયા' પહેલાં જ્ઞાન મેળવવાનું પછી સંયમ પ્રાપ્ત થાય. ત્યાં શિષ્યે શંકા કરી કે કેવી રીતે ચાલવું, કેવી રીતે ઊભા રહેવું કેવી રીતે બોલવું. આ પ્રશ્નના જવાબમાં ગ્રંથકારશ્રીએ જણાવ્યું કે જયણાપૂર્વક ચાલવું, જયણાપૂર્વક ઊભા રહેવું, જયણાપૂર્વક બોલવું... તમે જેમ બહારગામ જનારને 'સાચવજો' આ એક જ શિખામણ આપો ને ? એમાં બધું જ સમાઈ જાય ને ? તેમ અમારે ત્યાં જયણામાં બધું સમાય. અમારે ત્યાં ભિક્ષાચર્યાના જ્ઞાન વિના ભિક્ષાએ જવાની પણ અનુજ્ઞા નથી. કહ્યું છે કે જેને દશવૈકાલિક સૂત્રનું પાંચમું પિંડૈષણા અધ્યયન આવડતું ન હોય તેના હાથની ભિક્ષા વાપરનારને આલોચના આવે છે. 'મારા હાથે રખે ને કોઈ વિરાધના ન થઈ જાય' : આવો પરિણામ તેનું નામ યતના (જયણા). આ યતનાનું જ્ઞાન જેને હોય તે યતના પાળી શકે.

સ૦ ક્રિયાને જ્ઞાનની દાસી કહી તે કયા અંશમાં ?

જ્ઞાનના કારણે જ ક્રિયા પ્રવર્ત્તે છે માટે ક્રિયાને દાસી કહી. જે પ્રવર્ત્તાવે તે રાજા હોય અને જે પ્રવર્ત્તે તે ચાકર હોય. જ્ઞાન પ્રવર્ત્તક છે અને ક્રિયા જ્ઞાન મુજબ પ્રવર્ત્તે છે, માટે ક્રિયાને દાસી કહી છે. જેની પાસે જ્ઞાન ન હોય તેની ક્રિયા તો દાસી નથી, સ્વયં પ્રવર્ત્તેલી રાણી છે. જ્ઞાન અને ક્રિયા : એ બંન્ને અધ્યાત્મના અંશ છે. પરંતુ તે બંન્ને શુદ્ધ હોય તો જ તે અધ્યાત્મમાં સમાય. મિથ્યાત્વની હાજરીમાં જ્ઞાન પણ શુદ્ધ નથી અને ક્રિયા પણ શુદ્ધ નથી. શુદ્ધ જ્ઞાનના કારણે શુદ્ધ ક્રિયા આવે છે. આ બે અધ્યાત્મના અંશ છે.

સ૦ પ્રતિક્રમણાદિની ક્રિયાના અર્થનું જ્ઞાન ન હોય તો એનું ફળ મળે ?

પ્રતિક્રમણાદિની ક્રિયાના અર્થનું જ્ઞાન મેળવવા માટે પ્રયત્ન કરે તો ફળ મળે. પ્રતિક્રમણ પાપની આલોચના માટે કરવાનું છે - એટલું તો જ્ઞાન જોઈએ ને ?

સ૦ ક્રિયા કરતાં કરતાં જ્ઞાન મેળવે તો ?

એના બદલે ભણતા ભણતા ક્રિયા કરતો થાય - તેમાં શું વાંધો છે ? જ્ઞાનીઓએ 'પઢમં નાણં' અમથું નથી કહ્યું. તમે જ્ઞાન વિના ક્રિયા કરવાની શરૂ કરી માટે ક્રિયા કરવા છતાં જ્ઞાન ન આવ્યું.

સ૦ જ્ઞાનક્રિયાની પ્રાપ્તિ ક્યારે થાય ?

જ્ઞાન તો જનમતાંની સાથે અપાય છે, જ્યારે ક્રિયા માટે આઠ વરસ સુધી રાહ જોવી પડે. આઠ વરસ પહેલાં જ્ઞાન હોવા છતાં ક્રિયાની રજા નહિ. તમારે ત્યાં પણ પરણવાનું જ્ઞાન તો ક્યારનું હોય છે, છતાં અમુક વય થયા વિના પરણાવો નહિ ને ? તેમ અહીં પણ આઠ વરસની ઉંમર એ ક્રિયા માટે પરિણતવય છે. સંસ્કાર આપવાની છૂટ, પણ ક્રિયાની વાસ્તવિક શરૂઆત થાય તો આઠમે વર્ષે જ થાય. તમારે ત્યાં ક્રિકેટના સંસ્કાર તો શેરીમાં અપાય, પરંતુ મેદાનમાં રમવા કોણ જાય ? અભ્યસ્તદશાવાળો જ ને ? તેમ અહીં પણ સમજી લેવું. જ્ઞાન વિનાની ક્રિયા એ ક્રિયા નથી એવું જે દિવસે લાગશે તે દિવસે જ્ઞાન પામવાનું મન થશે. શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા એ અધ્યાત્મના બે અંશ છે. જેમ મહારથનાં બે પૈડાં વિના રથ ન ચાલે અને ભવપ્રત્યયિક આકાશગામિની લબ્ધિવાળા પણ પક્ષીઓ બે પાંખ વિના ઊડી શકતા નથી તેમ જ્ઞાન અને ક્રિયા આ બેમાંથી એક પણ અંશની ખામી હોય તો તે અધ્યાત્મ સંસારથી તરવા કામ નહિ લાગે. જ્ઞાની કોઈ દિવસ એવું ન કહે કે ક્રિયાની જરૂર નથી અને ક્રિયાવાન એવું ન કહે કે જ્ઞાનની જરૂર નથી. જ્ઞાન વગરની ક્રિયા તો દ્રવ્યક્રિયા છે.

સ૦ દ્રવ્યક્રિયાનો કોઈ જ ઉપયોગ નહિ ?

ભાવને લાવવાનો સંભવ દ્રવ્યક્રિયાવાળાને છે, તેથી દ્રવ્યક્રિયા એટલા અંશમાં ઉપયોગી છે. ભગવાને એકલી ક્રિયાને ઉપાદેય નથી કહી. જે



જ્ઞાનપૂર્વકની હોય અથવા જ્ઞાનનું કારણ બને તેવી દ્રવ્યક્રિયાને ઉપાદેય કહી છે. ઘણા લોકો ક્રિયાને જડ કહે છે કારણ ક્રિયા શરીરનો ધર્મ છે અને શરીર જડ છે : એવું કહે છે તે બરાબર નથી. કારણ કે મડદું ક્રિયા નથી કરતું, ચૈતન્ય એમાં પૂરાય ત્યારે જ શરીર ક્રિયા કરે છે. આત્માના ચૈતન્યને લઈને જેમ શરીરમાં ચૈતન્ય મનાય છે તેમ શરીરના ચૈતન્યને લઈને ક્રિયાને પણ ચેતનવંતી મનાય છે. જેને જ્ઞાનની રુચિ હોય તેવાઓ સંયમનું પાલન સારામાં સારી રીતે કરી શકે. અસંખ્યાત યોગો હોવા છતાં એક પણ યોગનો અનાદર કર્યે ન ચાલે. સાધુપણામાં પાંચ પ્રહર સ્વાધ્યાય કરવાનું જણાવ્યું છે. જ્ઞાન ચઢે નહિ - એવું બને પણ જ્ઞાનની રુચિ ન હોય - એ સાધુપણું પાળી ન શકે. જેને કેવળજ્ઞાન મેળવવું હોય તેને શ્રુતજ્ઞાનની રુચિ ન હોય તે કેમ ચાલે ? અમારા પંડિતજી પણ અમે કોઈ વાર ભણવામાં પ્રમાદ કરીએ તો અમને કહેતા કે 'મહારાજ ! આપ કો કેવલજ્ઞાન ચાહીએ તો પઢતે ક્યૂં નહિ ?' આ તો અમને કહે કે આ ઉંમરે હવે શું ભણાય ? આપણે તો પાણીના ઘડા લાવીશું ! પાણીના ઘડા લાવી-લાવીને કેટલા લાવવાના ? વૈયાવચ્ચ પણ આખો દિવસ તો ન હોય ને ? આહાર, વિહાર, નીહાર વગેરેની ક્રિયા તો ત્રણ કલાકમાં થઈ જાય. બાકીના સમયમાં કરવાનું શું ? પાણીના ઘડા લાવવા માટે પણ ભણવું તો પડશે ને ? દશવૈકાલિકનું પાંચમું અધ્યયન અર્થથી આવડે તેને જ પાણી લાવવાનો અધિકાર છે. વડીદીક્ષા ન થઈ હોય ત્યાં સુધી નવા સાધુના ગોચરીપાણી ખપતા નથી તેનું કારણ આ જ છે કે વડીદીક્ષા વિના પાંચમું અધ્યયન ભણાવાતું નથી. જ્ઞાન વિના ક્રિયા કઈ રીતે કરી શકે ?

સ૦ આપ જ્ઞાન ઉપર આટલો ભાર આપો છો, એટલે જ આપની પાસે કોઈ દીક્ષા લેતું નથી.

એમાં મને કોઈ નુકસાન નથી. તમારા વિના અમારું કશું અટકતું નથી. કોઈ અમારી પાસે દીક્ષા લે કે ન લે, અમે દીક્ષા પાળીએ તો અમારો મોક્ષ અટકવાનો નથી. કોઈ આવતું નથી તો હું પણ કોઈને બોલાવતો નથી. જે દિવસે હું તમને બોલાવું તે દિવસે હું સાધુ મટી ગયો હોઈશ તેથી પણ મારી પાસે આવવાનો અર્થ નથી. જે સાધુને શિષ્યનું અર્થીપણું જાગે તે સાધુ સાધુ મટી જાય અને સાધુ મટી ગયા હોય તેવાના શિષ્ય થવાની જરૂર નથી. આપણી વાત એટલી જ છે કે આપણે સાધુ થવું હશે તો જ્ઞાનની રુચિ કેળવવી જ પડશે. તમારે ત્યાં અનેક જાતની પ્રવૃત્તિઓ હોય. અમારે ત્યાં તો એવી કોઈ પ્રવૃત્તિ જ નથી. સાધુપણાનું જીવન તો નિવૃત્તિપ્રધાન છે. ક્રિયાનું મહત્ત્વ જ્ઞાનને લઈને અને જ્ઞાનની સફળતા ક્રિયાને લઈને છે. માટે જ્ઞાન અને ક્રિયા બંન્નેનો મેળ બેસાડવો છે અને જ્ઞાન તથા ક્રિયાની શુદ્ધિ માટે મિથ્યાત્વને ટાળીને સમ્યગ્દર્શન પામવું છે.

**तत्पञ्चमगुणस्थानादारभ्यैवैतदिच्छति ।**
**निश्चयो व्यवहारस्तु, पूर्वमप्युपचारतः ।।१३।।**

**चतुर्थेऽपि गुणस्थाने शुश्रूषाद्या क्रियोचिता ।**
**अप्राप्तस्वर्णभूषाणां रजताभूषणं यथा ।।१४।।**

**अपुनर्बन्धकस्यापि या क्रिया शमसंयुता ।**
**चित्रा दर्शनभेदेन, धर्मविघ्नक्षयाय सा ।।१५।।**

આપણે જોઈ ગયા કે અપુનર્બંધકદશાથી માંડીને ચૌદમા ગુણઠાણા સુધીની ક્રમે કરીને શુદ્ધિવાળી ક્રિયા અધ્યાત્મસ્વરૂપ છે. અને અધ્યાત્મના બે અંશ છે : શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા. આ સાંભળીને શિષ્યને શંકા થાય છે કે જો અધ્યાત્મ જ્ઞાન અને ક્રિયા ઉભયસ્વરૂપ હોય તો તે પહેલે અને



ચોથે નહિ માની શકાય. પહેલા ગુણઠાણે જ્ઞાન અને ક્રિયા હોતી નથી. ચોથે જ્ઞાન હોય તોપણ ક્રિયા નથી. તેથી અધ્યાત્મ કે જે શુદ્ધક્રિયાસ્વરૂપ છે તેનો સંભવ પાંચમા ગુણઠાણે જ છે. તો પહેલે કે ચોથે અધ્યાત્મને કેવી રીતે માનવો... આપણને આવી કોઈ શંકા પડતી જ નથી ને ? કારણ કે આપણે ધ્યાનથી સાંભળતા નથી ને સાંભળીને યાદ નથી રાખતા. પહેલા ગુણઠાણે કે ચોથે ગુણઠાણે કોઈ ક્રિયા નથી હોતી. ક્રિયાની શરૂઆત વિરતિથી થાય અને વિરતિ પાંચમેથી શરૂ થાય. જેને પાપથી અટકવું નથી તેની ધર્મક્રિયાની કોઈ કિંમત નથી. તેથી વિરતિધરની ક્રિયાને ક્રિયા કહેવાય છે. હવે આ ક્રિયા પહેલે કે ચોથે ન હોય તો ત્યાં ક્રિયારૂપ અધ્યાત્મ કઈ રીતે ઘટે – આવી શંકા પડવી જોઈએ ને ? આથી આવી શંકાના નિરાકરણમાં જણાવે છે કે – આ અધ્યાત્મ પાંચમા ગુણઠાણાથી માંડીને જ હોય છે – આ પ્રમાણે નિશ્ચયનય કહે છે અને પહેલે તથા ચોથે ગુણઠાણે ઉપચારથી અધ્યાત્મ હોય છે – આ પ્રમાણે વ્યવહારનય કહે છે. નિશ્ચય અને વ્યવહાર : આ બંન્ને નય ભગવાને બતાવેલા છે. કારણમાં કાર્યનો ઉપચાર કરીને વસ્તુને વ્યવહારનય સ્વીકારે છે. વરસાદ પડે ત્યારે લોકો 'સોનું વરસે છે.' એમ કહે છે. ત્યાં વરસાદ વરસ્યો હોવા છતાં વરસાદના કારણે અનાજ ઊગે એ વેચીને પૈસા આવે પછી સોનું મળે. તેથી સોનાનું કારણ વરસાદ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને વ્યવહારથી આવું કહેવાય છે. તે જ રીતે પહેલું ગુણઠાણું ચોથાનું કારણ બને છે અને ચોથું પાંચમાનું કારણ બને છે માટે ત્યાં ઉપચારથી અધ્યાત્મ મનાય છે. આ વાત તેરમી ગાથાથી જણાવી.

હવે શિષ્ય ફરી શંકા કરે છે ચોથે કે પહેલે ઉપચારથી અધ્યાત્મ કહ્યું છે, પરંતુ ઉપચાર પણ ત્યાં કરાય કે જ્યાં ઉપચારનું બીજ હોય. ચોથે-પહેલે વિરતિની ક્રિયા નથી પરંતુ બીજી કોઈ ક્રિયા હોય તો તેને ઉપચાર

કહેવાય. તો ચોથા ગુણઠાણે કે પહેલા ગુણઠાણે એવી કઈ ક્રિયા છે કે જેથી તેમને ઉપચારથી અધ્યાત્મ મનાય છે ? - આવી શંકાના નિરાકરણમાં જણાવે છે કે ચોથે ગુણઠાણે શુશ્રૂષાદિ ક્રિયા માનેલી છે - આ ક્રિયાના અંશમાં અધ્યાત્મ ચોથે ગુણઠાણે માનેલું છે. ટૂંકમાં સમ્યગ્દર્શન પામ્યા પછી સર્વવિરતિ પામવા માટે જે કોઈ ક્રિયા કરે એ બધી જ અધ્યાત્મસ્વરૂપ છે. આપણે ચોથા ગુણઠાણાની ક્રિયા તરીકે પૂજાને જણાવત. ગ્રંથકારશ્રીએ શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણથી માંડીને તાત્ત્વિકપક્ષપાત સુધીના બુદ્ધિના આઠ ગુણોને ચોથા ગુણઠાણાની ક્રિયા તરીકે જણાવી છે. તમે પૂજા કરીને વ્યાખ્યાનમાં આવો છો, તેથી પૂજામાં ભાવ નથી આવતો. જો વ્યાખ્યાન સાંભળીને પૂજા કરવા ગયા હોય તો પૂજામાં પણ ભાવ આવત. જિનવાણી શ્રવણથી સમકિતની ક્રિયા શરૂ થાય છે. જેને તત્ત્વ સાંભળવાની ઈચ્છા પણ ન હોય તેને સમ્યગ્દર્શન ક્યાંથી મળે ને સર્વવિરતિ ક્યાંથી મળે ? તત્ત્વને જાણવાની ઈચ્છા તેનું નામ જિજ્ઞાસા. આપણે તત્ત્વ જાણવું હોય તો જ્યાંથી તત્ત્વ જાણવા મળે ત્યાંથી જાણવા મહેનત કરવી. જાણવા માટે સાંભળવું પડે. તેથી સાંભળવાની ઈચ્છાથી સમકિતીની ક્રિયા શરૂ થાય છે. સર્વવિરતિને સાંભળવાની ઈચ્છા તેનું નામ શુશ્રૂષા.

સ૦ સમકિતી સર્વવિરતિ ન લે અને સંસારમાં સુખ ભોગવે તો તેને ક્રિયા કેવી રીતે ?

સમકિતી સંસારમાં રહ્યો હોય પણ તે સંસારથી છૂટવા માટે જ પ્રયત્ન કરે. સમકિતી સંસારથી છૂટવા માટે જે પ્રયત્ન કરે - એ જ એની ક્રિયા છે. ભવના નિર્વેદ વિના ગ્રંથિનો ભેદ પણ થતો નથી તો સમ્યક્ત્વ ટકે ક્યાંથી ? શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણા, ઊહ, અપોહ, તાત્ત્વિક પક્ષપાત



અને તાત્ત્વિક પ્રતિપત્તિ. તત્ત્વ સાંભળવાની ઈચ્છા જાગે, તત્ત્વને સાંભળે, તત્ત્વને ગ્રહણ કરે-સમજે, તત્ત્વને ધારી રાખે, તેનું ચિંતન કરે, તેમાંથી વિપર્યયને દૂર કરે, તત્ત્વનો પક્ષપાત અને તત્ત્વનો સ્વીકાર કરે. તત્ત્વનો પક્ષપાત કર્યા પછી પણ સ્વીકાર ન હોય એવું બને. જેમ આજે ઘણા કહે ને કે તમારી વાત સો ટકા સાચી છે, પણ અમારે ત્યાં વરસોથી આમ જ ચાલે છે - આ તાત્ત્વિકપક્ષપાત પણ બનાવટી છે. સાચાને ખોટા કહેવા નહિ અને પોતાનું ખોટું છોડવું નહિ - આ તાત્ત્વિકપક્ષપાત બનાવટી છે. તાત્ત્વિકપ્રતિપત્તિ હોય તો જ પક્ષપાત સાચો.

સ૦ ચોથા ગુણઠાણે તત્ત્વપ્રતિપત્તિ હોય ?

ચોથે પણ સર્વવિરતિની પ્રતિપત્તિ ન હોય, પણ સમ્યક્ત્વની પ્રતિપત્તિ તો હોય જ. સમ્યક્ત્વરૂપ તત્ત્વનો સ્વીકાર કર્યો હોવાથી તે કુદેવાદિની પાસે જતો નથી. મિથ્યાત્વની એકે કરણી કરતો નથી. માટે તેને અધ્યાત્મ માન્યું છે. ચોથા ગુણઠાણે અધ્યાત્મ કઈ રીતે મનાય તે માટે અહીં દૃષ્ટાંત આપ્યું છે કે જેની પાસે સોનાના અલંકાર ન હોય તે ચાંદીના અલંકાર જેમ પહેરે એ તેના માટે ઉચિત છે તેમ ચોથાની પણ આ ક્રિયા ઉચિત છે. જેની પાસે કંચન ન હોય તે કથિર પહેરે તોપણ તે કથિર કંચનના સ્થાને ગણાય. પણ કંચન પાસે હોવા છતાં કથિર પહેરે તે તો લોભિયો, કૃપણ કહેવાય.

શિષ્ય હવે શંકા કરે છે કે સમકિતી તો જૈનધર્મ પામેલો છે માટે તેને ક્રિયા માની એ બરાબર, પરંતુ અપુનર્બંધકદશાને પામેલો જીવ તો જૈનેતર દર્શનમાં ગમે તે દેવ પાસે, ગમે તે ગુરુ પાસે ફરતો હોય તો તેને ક્રિયા કઈ માનવી ? તેના નિરાકરણમાં પંદરમી ગાથાથી જણાવે છે. અપુનર્બંધકદશામાં પણ ઉપશમભાવથી યુક્ત એવી જે કોઈ ક્રિયા છે તે અધ્યાત્મસ્વરૂપ છે.

તે તે દર્શનના ભેદથી અનેક પ્રકારની તે ક્રિયા ધર્મમાં આવનારા વિઘ્નનો ક્ષય કરનારી થાય છે. પહેલા ગુણસ્થાનકે સંસારમાં પણ જે કાંઈ ઉપશમભાવથી યુક્ત ક્રિયા છે તે અધ્યાત્મસ્વરૂપ છે. ગમે તેટલું આર્થિક નુકસાન થાય અથવા સુખના ભોગવટામાં અંતરાય પડે તોપણ મન ઉપશાંત હોય તેવા જીવો અધ્યાત્મને પામેલા છે. આવા આત્માઓ ગમે તે ધર્મમાં રહ્યા હોય તોપણ તેઓ અધ્યાત્મભાવને પામવા માટે યોગ્ય છે. તે જીવોની એ ક્રિયા તેમને ધર્મમાર્ગમાં આવનારાં વિઘ્નોને દૂર કરવા દ્વારા સહાયક બને છે. એના પ્રભાવે તેમને જૈનધર્મની પ્રાપ્તિ સુલભ બને છે. ધર્મમાં વિઘ્ન કરનાર મુખ્યતયા આપણી અર્થકામની લાલસા છે, તે લાલસા શમભાવથી યુક્ત ક્રિયાના કારણે મરવા માંડે છે તેમ જ ધર્મમાં અંતરાય કરનારા સંયોગો પણ કુદરતી રીતે દૂર થાય છે. જેમ રોગ ભયંકર હોય તો તેને દૂર ન કરી શકાય પરંતુ અમુક દવાથી રોગજનક જંતુઓની શક્તિ હણાઈ જાય એવું બને છે તે જ રીતે અહીં પણ ઉપશમભાવવાળી ક્રિયાથી ધર્મનાં વિઘ્નોની શક્તિ હણાઈ જાય છે. અત્યાર સુધી આપણે શમવાળી ક્રિયા કરી નથી માટે ધર્મમાં વિઘ્ન આવે છે. હવે એ ભૂલ સુધારવી છે. જે કાંઈ પણ કરવું છે તે ઉપશમભાવ જાળવીને કરવું છે. એક વાર દ્વિધા દૂર થાય તો સાચા રસ્તે જીવ સડસડાટ ચાલવા માંડે તેમ એક વાર વિઘ્ન અર્થાદ્ માર્ગના અંતરાય દૂર થાય એટલે સન્માર્ગે ચાલવાનું સરળતાથી શક્ય બને.

**अशुद्धापि हि शुद्धाया, क्रियाहेतुः सदाशयात् ।**
**ताम्रं रसानुवेधेन स्वर्णत्वमधिगच्छति ।।१६।।**

**अतो मार्गप्रवेशाय व्रतं मिथ्यादृशामपि ।**
**द्रव्यसम्यक्त्वमारोप्य, ददते धीरबुद्धयः ।।१७।।**



**यो बुद्ध्वा भवनैर्गुण्यं, धीरः स्याद् व्रतपालने ।**
**स योग्यो भावभेदस्तु, दुर्लक्ष्यो नोपयुज्यते ।।१८।।**

આપણે જોઈ ગયા કે અપુનર્બંધકદશામાં પણ શમભાવથી યુક્ત એવી ક્રિયા વ્યવહારથી અધ્યાત્મ તરીકે ગણાય છે. એ જાણીને શિષ્યને શંકા થાય છે કે – 'ગમે તેમ તોપણ અપુનર્બંધકદશામાં રહેલા જીવોની ક્રિયા અશુદ્ધ છે. કારણ કે જે દેવ નથી તેને એ દેવ માને છે, જે ગુરુ નથી એને તે ગુરુ માને છે અને જે ધર્મ નથી એને તે ધર્મ માને છે. તેમ જ અનેક પ્રકારના આરંભવાળી ક્રિયા ધર્મના નામે કરે છે. તો તેવી ક્રિયાઓને લઈને તેમને અધ્યાત્મ કેવી રીતે મનાય ?' આવી શંકાના નિરાકરણમાં સોળમી ગાથામાં જણાવ્યું છે કે – અશુદ્ધ એવી પણ તે ક્રિયા સુંદર પ્રકારના આશયને લઈને શુદ્ધ ક્રિયાનું કારણ બને છે. જે ક્રિયા કરતો જ નથી તેને ક્રિયાની શુદ્ધિ કરાવવાનું શક્ય નથી. જેઓ ક્રિયા કરે છે તેમને શુદ્ધ ક્રિયા કરતા કરવાનું કામ સહેલું છે. જે દેવને મૂળમાંથી માનતો જ ન હોય તેને સુદેવ સુધી પહોંચાડવાનું કામ કપરું છે. એ જ રીતે જે મૂળમાંથી ગુરુને કે ધર્મને માનતા ન હોય તેમને સુગુરુ કે સુધર્મનું સ્વરૂપ સમજાવવાનું કામ અઘરું છે. જે દેવગુરુધર્મને માને છે તે તો સરળતાથી સુદેવ, સુગુરુ, સુધર્મને સ્વીકારી શકે છે. આ રીતે સદાશયના કારણે એ અશુદ્ધ ક્રિયા શુદ્ધ ક્રિયાનું કારણ બને છે, માટે તેને અધ્યાત્મ કહ્યું છે. આના માટે દૃષ્ટાંત આપ્યું છે કે જેમ તાંબુ પણ સુવર્ણરસ રેડવાથી સુવર્ણપણાને પામે છે તેમ અશુદ્ધ ક્રિયા પણ સદાશયથી શુદ્ધ બને છે.

આ પ્રમાણે જણાવ્યા બાદ શિષ્યને ફરી શંકા થાય કે આવું શેના આધારે કહી શકાય ? તેથી હવે ગીતાર્થપુરુષોનું દૃષ્ટાંત આપીને જણાવ્યું

છે કે – ગીતાર્થ મહાપુરુષો મિથ્યાદષ્ટિ એવા આત્માઓને દ્રવ્યસમ્યક્ત્વનો આરોપ કરીને માર્ગમાં પ્રવેશ કરાવવા માટે વ્રત આપવાનું કામ કરે છે. ઉપધાનની માલારોપણ કે બાર વ્રતનો સ્વીકાર સમ્યક્ત્વના આરોપ વિના કરાવાતો નથી. એક સામાયિકની ક્રિયા પણ મુહપત્તીના પડિલેહણ વિના નથી થતી. તેમાં સુદેવ સુગુરુ સુધર્મ આદરું અને કુદેવ કુગુરુ કુધર્મ પરિહરું આ પ્રમાણે સમ્યક્ત્વનો સ્વીકાર આવે છે ને ? સામા માણસના ભાવ આપણે જાણતા નથી અને જાણવાનાં લિંગો છે પણ એમાં છેતરાવાનો સંભવ છે. તેથી ભાવને જાણ્યા વિના માત્ર લિંગ દ્વારા તેની યોગ્યતા જાણી સમ્યક્ત્વનો આરોપ કરીને વ્રત આપવું. જે અયોગ્ય છે તેને તો કોઈ વ્રતનો અધિકાર નથી. શ્રી યોગદષ્ટિના અંતમાં ગ્રંથકારશ્રીએ જણાવ્યું છે કે યોગ્ય જીવોને તો જ્ઞાની ભગવંતો આ ગ્રંથ આપ્યા વિના નહિ રહે. તેથી હું વિનંતિ કરું છું કે અયોગ્ય જીવને આ ગ્રંથ ન આપશો.

અહીં અશુદ્ધ ક્રિયાને શુદ્ધ ક્રિયાના કારણ તરીકે જણાવી છે તે એકમાત્ર શુભ આશયને લઈને છે. જેઓ સંસારના સુખના આશયથી ધર્મ કરે તેઓ સદાશયવાળા નથી.

સ૦ નવગ્રહના અધિપતિ તરીકે ભગવાનને પૂજે તો ?

એ સદાશય નથી. જે પાર્શ્વનાથ ભગવાન પોતે ઉપસર્ગ સહન કરે તે તમારા ઉપસર્ગને દૂર કરે – આ વસ્તુ મગજમાંથી કાઢી નાંખજો. ક્રિયાની ઉપાદેયતા પણ આશયની શુદ્ધિને લઈને છે.

સ૦ કુદેવાદિનો પરિહાર કરવાનો છે તો દેરાસરમાં અધિષ્ઠાયક બેસાડ્યા હોય તેને શું કરવું ?



તેની પૂજા ન કરવી. તમે દેરાસર જાઓ અને બહાર વોચમેન બેઠો હોય તો તેની પૂજા કરો ? તેમ આ શાસનના અંગરક્ષક છે. તેમને પૂજવાની જરૂર નથી. આપણો આશય સંસારથી તરવાનો હોવો જોઈએ. આ ભાવ જોવાનું કામ ગીતાર્થ પુરુષો કરશે.

સ૦ ગીતાર્થ કોને કહેવાય ?

જે સંસારના સુખ મેળવવાની વાત ન કરે અને મોક્ષ તેમ જ મોક્ષના ઉપાયની વાત કરે તેને ગીતાર્થ કહેવાય. હવે અહીં જો એવી શંકા થાય કે આ પ્રમાણે સમ્યક્ત્વનો આરોપ કરીને જ વ્રત આપવાનું હોય તો તો યોગ્યાયોગ્યનો ભેદ જોવાનો રહેશે જ નહિ. આવી શંકાના નિરાકરણમાં વ્રતની યોગ્યતા કેવી રીતે તપાસીને વ્રત આપવું તે આગળની ગાથાથી જણાવે છે. જેઓ ભવની નિર્ગુણતાનું ભાન કરીને વ્રતના પાલનમાં ધૈર્ય રાખનારો હોય તે વ્રતના પાલન માટે યોગ્ય છે. તેના ભાવને વિશેષપણે જાણી ન શકાય. અહીં એટલું યાદ રાખવું કે ભાવવિશેષ ભલે જાણી ન શકાય પણ તેની યોગ્યતા તેની ક્રિયા ઉપરથી જાણી શકાય એવું છે. તમારે ત્યાં પણ ઇન્ટર્વ્યૂ માટે બોલાવેલાની પરીક્ષા કેવી રીતે કરે ? પંખો ચાલુ હોય અને કાગળ ઉપરથી પેપરવેટ ઉપાડી લે. કાગળિયાં ઊડવા માંડે તોપણ પેલો અક્કડ ઊભો રહે તો તે પાસ ન થાય. પણ જે પંખો બંધ કરીને પેપર ભેગા કરવા જાય તેને કામ પર રાખે. તે જ રીતે દીક્ષા લેવા આવેલાની પણ પરીક્ષા કરી શકાય. જે દીક્ષા લેવા માટે આવ્યો હોય તેને દીક્ષા લેવાનું કારણ પૂછવું. તે જો સંસારમાં દુઃખ છે, ઘરમાં સંકલેશ છે... ઇત્યાદિ જણાવે તો વ્રત ન આપવું. સંસારમાં દુઃખ છે માટે નહિ પરંતુ સંસાર નિર્ગુણ છે માટે દીક્ષા લેવા આવ્યો હોય તેને યોગ્ય જાણવો. તેમ જ તેની ધીરજની પણ પરીક્ષા કરી શકાય. તેની ખોટી ભૂલ કાઢીને ઠપકો આપવાનો, તે વખતે મોઢું પડી

જાય, સમસમી જાય તો તેને અયોગ્ય માનવો. ભૂલ બતાવ્યા પછી જેનું માથું ગરમ થાય તેની પાસે સુધરવાનો આશય નથી, તેમ જ ભૂલ બતાવ્યા પછી માથું ગરમ ન થાય ઉપરથી માથું નમાવીને માફી માંગે અને 'બીજી વાર નહિ કરું' એમ વસવસાપૂર્વક કહે તેની પાસે સુધરવાનો આશય છે - એમ સમજી લેવું. જે ભૂલ બતાવ્યા પછી બચાવ કરે તેને મિથ્યાત્વનો ઉદય છે અથવા નજીકમાં થશે - એમ સમજી લેવું. વ્રતના પાલનની યોગ્યતા તપાસીને પછી વ્રત આપવાનું છે, તેનો ભાવ જોઈને નહિ. કારણ કે ભાવ જાણવાનું કામ આપણા માટે શક્ય નથી.

**नो चेद् भावापरिज्ञानात्सिद्ध्यसिद्धिपराहतेः ।**
**दीक्षाऽदानेन भव्यानां मार्गोच्छेदः प्रसज्यते ।।१९।।**

આ રીતે જો ભાવ જાણી શકાય એવા ન હોવા છતાં યોગ્યતાનું અનુમાન કરીને દીક્ષા આપવામાં ન આવે તો દીક્ષાના માર્ગનો ઉચ્છેદ થવાનો પ્રસંગ આવશે. સિદ્ધિ અને અસિદ્ધિના કારણે વ્યાઘાતનો પ્રસંગ આ રીતે સમજવો : સિદ્ધિ માનીએ કે અસિદ્ધિ માનીએ બંન્નેમાં દોષ છે. જેમ કે જે જીવો યોગ્ય છે તેઓને ભાવની સિદ્ધિ હોવાથી આરોપ કરીને વ્રત આપવાની જરૂર નથી અને જેઓ અયોગ્ય હોય તેનામાં ભાવની અસિદ્ધિ હોવાથી તેને પણ વ્રત આપવાનું ઉચિત નથી. આ રીતે ઉભયથા દીક્ષાપ્રદાન કરવાનું રહેશે જ નહિ. જો દીક્ષા આપવાનું બંધ થાય તો તો માર્ગના ઉચ્છેદનો પ્રસંગ આવે. આ પ્રસંગને દૂર કરવા માટે એટલું સમજવું કે જે અયોગ્ય હોવા છતાં યોગ્ય બને એવી સંભાવના હોય તેને વ્રતપ્રદાન કરવામાં દોષ નથી. ભાવ ન હોવા છતાંય ભાવ પ્રગટે એવી સંભાવના જેનામાં દેખાય એવાને વ્રત આપવાનું છે. અયોગ્યને યોગ્ય બનાવવાના આશયથી વ્રતપ્રદાન કરવાનું કામ ગીતાર્થ



ભગવંતો કરતા હોય છે તેથી માર્ગના ઉચ્છેદનો પ્રસંગ પણ આવતો નથી. ભાવને જાણીને જ દીક્ષા આપવાની હોય તો દીક્ષાના અપ્રદાનને લઈને માર્ગના ઉચ્છેદનો પ્રસંગ આવે. પરંતુ યોગ્યતાનું અનુમાન કરીને ભાવની સંભાવના હોય તેવા જીવોને વ્રતપ્રદાન કરાતું હોવાથી કોઈ દોષ નથી.

**अशुद्धानादरेऽभ्यासाऽयोगान्नो दर्शनाद्यपि ।**
**सिध्येन्निसर्गजं मुक्त्वा तदप्याभ्यासिकं यतः ।।२०।।**

**शुद्धमार्गानुरागेणाऽशठानां या तु शुद्धता ।**
**गुणवत्परतन्त्राणां सा न क्वापि विहन्यते ।।२१।।**

વિધિનો તથા શુદ્ધિનો આગ્રહ ચોક્કસ હોવો જોઈએ પરંતુ જેઓ મોક્ષના આશયથી અશુદ્ધ ક્રિયા કરતા હોય તેનો અનાદર કરવાની જરૂર નથી. કારણ કે જો શુભાશયથી કરાયેલ અશુદ્ધ ક્રિયાનો અનાદર કરવામાં આવે તો તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પણ નહિ થઈ શકે. આશય એ છે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ બે પ્રકારે થાય છે : નિસર્ગથી અર્થાત્ સ્વભાવથી અને અધિગમથી અર્થાત્ અભ્યાસથી. આ જ વસ્તુ શ્રી તત્ત્વાર્થસૂત્રકારે 'तन्निसर्गादधिगमाद्वा' આ સૂત્રથી જણાવી છે. નિસર્ગથી એટલે ગુરુના ઉપદેશ વિના સ્વાભાવિક કર્મલઘુતાથી સમ્યગ્દર્શન મળી જાય, જેમ કે મરુદેવામાતાને મળેલું. જ્યારે અધિગમથી એટલે ગુરુ પાસે દેશનાનું શ્રવણ કરવા દ્વારા જ્ઞાનનો અભ્યાસ કરવાથી જે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે તે. આ બેમાંથી નિસર્ગસમ્યક્ત્વની વાત બાજુ પર મૂકીએ તો અધિગમ સમ્યક્ત્વ અભ્યાસથી જ મળે. આ અભ્યાસ પહેલા ગુણઠાણે જ થવાનો. પહેલે ગુણઠાણે મિથ્યાત્વની હાજરીમાં જે જ્ઞાન અને જે ક્રિયા હોય તે અશુદ્ધ જ રહેવાની. આ અશુદ્ધ ક્રિયાના અભ્યાસથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. હવે જો અશુદ્ધક્રિયાનો અનાદર

કરવામાં આવે તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી નહિ શકાય. જે સમ્યગ્દર્શનનો ઉપાય છે તેનું પણ ખંડન કરીએ તો શાસનનો ઉચ્છેદ થવાનો પ્રસંગ આવે. અહીં અશુદ્ધ ક્રિયાનો આદર કરવાની વાત નથી, પણ ગુણ પામવાના આશયથી કરાયેલી અશુદ્ધ ક્રિયાને ચલાવી લેવાની વાત છે – તેમ જ અશુદ્ધનો સર્વથા અનાદર ન કરવાની વાત છે. પહેલા ગુણઠાણે ભણવાની, તપની વગેરે જે જે ક્રિયાનો અભ્યાસ છે તે જ અશુદ્ધ હોવા છતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવનાર હોવાથી તેનો અનાદર કરવાની ના પાડી છે. કોઈ પણ ગુણની પ્રાપ્તિ આ જ રીતે થતી હોય છે. સર્વવિરતિનો અભ્યાસ કરતી વખતે ભૂલો તો થવાની. તે વખતે જો એમ કહેવામાં આવે કે – 'આ રીતે ભૂલ કરો તો નહિ ચાલે', તો તો સાધુપણું પળાવી નહિ શકાય. દીક્ષા લઈને વડીદીક્ષા ન લે ત્યાં સુધી ભૂલ થવાની. દીક્ષા લીધા પછી રોજનો અભ્યાસ ન હોવાથી કોઈ વાર ઓઘો ભૂલીને બહાર જતો રહે ત્યારે એને એવું ન કહેવું કે 'આ રીતે ઓઘો મૂકીને જ જવું હતું તો ઓઘો લીધો શા માટે ?' એવા વખતે ઉપરથી કહેવાનું કે 'કાંઇ વાંધો નહિ. રોજનો અભ્યાસ નથી માટે ભૂલી જવાય, પણ હવે ઉપયોગ રાખીને આસનથી ઊઠવાનું. બધી વસ્તુ પાસે છે કે નહિ – એ જોઈને પછી પગ ઉપાડવાનો.' તો ક્રમે કરીને નિરતિચાર ચારિત્ર સુધી પહોંચાડી શકાય.

આ રીતે અશુદ્ધનો અનાદર કરવાની ના પાડી તેથી શિષ્યને શંકા પડે કે જો અશુદ્ધ ક્રિયા ચલાવી જ લેવાની હોય તો અશુદ્ધ ક્રિયા જ લોકો કર્યા કરશે, બધાની અશુદ્ધ ક્રિયા ચલાવી લેવી પડશે. આવી શંકાના નિરાકરણમાં કોની અશુદ્ધ ક્રિયા ચલાવાય તે એકવીસમી ગાથાથી જણાવે છે. જેઓને શુદ્ધ માર્ગ ઉપર અનુરાગ હોય, જેનામાં લુચ્ચાઈ ન હોય તેમ જ જેઓ ગુણવાનને પરતંત્ર હોય તેની અશુદ્ધ ક્રિયા ક્યાંય હણાતી નથી. બધાની અશુદ્ધ ક્રિયાને



ચલાવવાની આ વાત નથી. શુદ્ધ માર્ગનો અનુરાગ સૌથી પહેલાં હોવો જોઈએ. જેને શુદ્ધ કરવું છે તેની અશુદ્ધિ નભાવાય. રાગ અને અનુરાગમાં ફરક છે. આવે તો આનંદ પામવો તે રાગ, જ્યારે રાગના પાત્રની પાછળ પાછળ ફરવું તે અનુરાગ અને આવ્યા પછી કોઈ અસર ન થવી તે રાગનો અભાવ. તમને સાધુસાધ્વી વહોરવા આવે તો આનંદ થાય કે તમે તેમને વહોરવા માટે બોલાવવા જાઓ ? આવે તો વહોરાવીશું તે રાગનો અભાવ. વહોરવા માટે બોલાવવા જવું તે રાગ અને વહોરાવ્યા પછી પાછા મૂકવા જવું તે અનુરાગ.

સ૦ આપણને શુદ્ધમાર્ગ પ્રત્યે અનુરાગ છે કે નહિ – એ કેવી રીતે સમજવું ?

આપણે અશુદ્ધ ક્રિયા કરતા હોઈએ અને કોઈ આપણને આપણી ભૂલ બતાવે ત્યારે એ ભૂલનો સ્વીકાર કરીને મિચ્છામિ દુક્કડં આપીએ તો સમજવું કે શુદ્ધ માર્ગનો અનુરાગ છે. આ તો કહે 'માણસમાત્ર ભૂલપાત્ર, છદ્મસ્થ હોય તો ભૂલ થાય...' આ અનુરાગ નથી. છદ્મસ્થ ભૂલપાત્ર છે એમ માનવાના બદલે છદ્મસ્થ ભૂલ બતાવવા યોગ્ય છે – એટલું સ્વીકારી લેવું છે. આપણે છદ્મસ્થ છીએ તો આપણને કોઈ પણ ભૂલ બતાવી શકે. શાસ્ત્રમાં પણ આ જ આશયથી મુમુક્ષુજનોને હિતશિક્ષા આપતાં જણાવ્યું છે કે 'पण्णवणिज्जो (પ્રજ્ઞાપનીય) भविस्सइ' કોઈ પણ આપણને બે અક્ષર કહી શકે આપણી ભૂલ બતાવી શકે એવો આપણો સ્વભાવ હોવો જોઈએ. જેને શુદ્ધ ક્રિયા પ્રત્યે રાગ હોય તે પોતાની અશુદ્ધિનો બચાવ ન કરે. આ રીતે શુદ્ધ માર્ગનો અનુરાગ હોય, ગુણીજનને પરતંત્ર હોય અને કોઈ પણ જાતની શઠતા-લુચ્ચાઈ ન હોય તેવાઓની શુદ્ધતા હણાતી નથી. અર્થાદ્ તેમની તે ક્રિયા શુદ્ધ ગણાય છે. જેઓ માયાવી છે, જેઓ શુદ્ધ માર્ગના અનુરાગી નથી તેમ જ જેઓ ગુણીજનોને પરતંત્ર નથી અને સ્વમતિ અનુસાર સ્વચ્છંદપણે

ક્રિયાઓ કરે તેઓની ક્રિયાઓ શુદ્ધ હોય તોય તે ખંડનીય છે તો તેવાની અશુદ્ધ ક્રિયા તો સુતરાં ખંડનીય છે.

આ રીતે જણાવ્યા બાદ શિષ્યને શંકા થાય કે આ બધું તમે તમારી મતિથી કહો છો ? તો તેના નિરાકરણમાં જણાવે છે કે પૂ. હરિભદ્રસૂરિમહારાજે આ જ આશયથી ત્રણ પ્રકારનાં અનુષ્ઠાન જણાવ્યાં છે. જો સર્વથા શુદ્ધ અનુષ્ઠાન જ આદરણીય હોય અને અશુદ્ધ સર્વથા અનાદરણીય હોય તો અનુષ્ઠાનના ત્રણ ભેદ બતાવ્યા ન હોત. વિષયશુદ્ધ, આત્મશુદ્ધ (સ્વરૂપશુદ્ધ) અને અનુબંધશુદ્ધ : એમ ત્રણ પ્રકારે અનુષ્ઠાન છે. એના ઉપરથી પણ સ્પષ્ટ છે કે શુદ્ધતાની પ્રાપ્તિ ક્રમસર થાય છે. પહેલેથી સર્વથા શુદ્ધની પ્રાપ્તિ ન થાય.

**विषयात्मानुबन्धैर्हि, त्रिधा शुद्धं यथोत्तरम् ।**
**ब्रुवते कर्म्म तत्राद्यं, मुक्त्यर्थं पतनाद्यपि ।।२२।।**

**अज्ञानिनां द्वितीयं तु, लोकदृष्ट्या यमादिकम् ।**
**तृतीयं शान्तवृत्त्या तत्तत्त्वसंवेदनानुगम् ।।२३।।**

ક્રિયાને શુદ્ધ બનાવવાનું કામ કોણ કરે છે તે જણાવવા માટે અહીં અનુષ્ઠાનના ત્રણ ભેદ જણાવ્યા છે. અનુષ્ઠાનને શુદ્ધ બનાવવા માટે વિષયને પણ શુદ્ધ બનાવવો જોઈએ તે જ રીતે અનુષ્ઠાનનું સ્વરૂપ પણ શુદ્ધ હોવું જોઈએ અને અનુબંધ પણ શુદ્ધ હોવો જોઈએ. વિષય એટલે અનુષ્ઠાન કરવાનો ઉદ્દેશ. આપણે જે અનુષ્ઠાન કરીએ તેનો આશય-ઉદ્દેશ શુદ્ધ હોવો જોઈએ. મયણાસુંદરી અને સુરસુંદરી : આ બંન્નેએ 'પુણ્યથી શું મળે છે' તે જણાવ્યું ત્યારે બંન્નેનો જવાબ જુદો હોવા છતાં સાચો હતો. તોપણ મયણાસુંદરી સમકિતી ગણાઈ અને સુરસુંદરી મિથ્યાદષ્ટિ ગણાઈ : આ ફરક ઉદ્દેશને લઈને છે. મયણાસુંદરીએ જે જવાબ આપ્યો તેમાં તેનો આશય તત્ત્વ પામવાનો



હતો જ્યારે સુરસુંદરીનો આશય સુખ ખંખેરવાનો હતો. મયણાસુંદરીનો જવાબ સાંભળીને તત્ત્વ સામે નજર સ્થિર થાય અને સુરસુંદરીનો જવાબ સાંભળીને સુખ સામે નજર સ્થિર થાય છે. આશયની શુદ્ધિથી અનુષ્ઠાનની શુદ્ધિની શરૂઆત થાય છે. લોકોત્તર અનુષ્ઠાન કરવા છતાં જો આશય શુદ્ધ ન હોય તો તેઓ મોક્ષથી વિમુખ બને છે અને લૌકિક અનુષ્ઠાન કરવા છતાં આશય શુદ્ધ હોય તો તેવા જીવો મોક્ષની સન્મુખ બને છે. આપણે જે અનુષ્ઠાન કરીએ છીએ તેનો આશય શુદ્ધ છે કે નહિ તે વિચારવું પડે ને ? આપણે જે કાંઈ ધર્મ કરીએ છીએ તે મોક્ષના આશયથી જ કરીએ છીએ ને ? તમે પૂજા કરો તો શેના માટે કરો છો ?

સ૦ ભગવાનના ગુણો પામવા માટે.

ભગવાનના ગુણો પામવા માટે કે આપણા આત્માના ગુણો પ્રગટાવવા માટે ? ભગવાનની પૂજા તો પૂજ્યની આજ્ઞા માનવા માટે કરવાની છે. પૂજ્યની આજ્ઞાનું પાલન સાધુપણામાં થઈ શકે. આ તો કહે કે અરિહંતની પૂજાથી અરિહંત થવું છે, પૂજ્ય થવું છે અને બીજી બાજુ કહે કે સ્વભાવને પ્રગટાવવા પૂજા કરું છું. તીર્થંકરનામ કર્મ એ સ્વભાવ છે કે વિભાવ ? એ વિભાવને પામવા માટે પૂજા નથી કરવાની, ભગવાનની પૂજાથી અરિહંતપદ મળે, તીર્થંકરનામકર્મ બંધાય છે, પણ તે બાંધવા માટે પૂજા કરવાનું ભગવાને કહ્યું નથી. સાધુ થવા માટે ભગવાનની પૂજા કરવાની છે. પૂજા કરીને ઘરે આવે અને પાછો કહે કે 'પૂજા થઈ ગઈ'. પૂજા કરીને સાધુ ન થઈએ તો પૂજા થઈ ગઈ કે પૂજા બાકી રહી ? ભગવાનની ભક્તિ કરીએ છીએ તે આપણા દોષોને દૂર કરવા માટે, ચારિત્રમોહનીય કર્મ દૂર કરવા માટે કરવાની છે. આ તો ભગવાનને કરુણાનિધાન કહે અને પાછી કરુણા કોને માને ? પોતાની ભૂલો ચલાવી લે તે જ દયાળુ ને ? કે પોતાની ભૂલોને બતાવે તે દયાળુતા ?

સ૦ ભૂલ બતાવે તે દયાળુ.

સાચું કહો છો ? તમે તો બોલો છો કે 'મારી ભૂલોના ભૂલનારા, તારી કરુણાનો કોઈ પાર નહિ.' ત્યાં ભૂલોના સુધારનારા એવું કહેતા નથી ને ? ડોક્ટર કોને કહેવાય ? આપણો રોગ ભૂલી જાય તે કે દૂર કરે તે ? તેમ ભગવાન પણ આપણી ભૂલને ભૂલી જશે તો આપણને સુધારશે કોણ ?

અહીં જણાવે છે કે પહેલું અનુષ્ઠાન અજ્ઞાની જીવોને હોય છે. જેમને મોક્ષના સ્વરૂપનું કે દેવાદિના સ્વરૂપનું વાસ્તવિક જ્ઞાન નથી તેવાઓ મોક્ષ માટે પર્વત પરથી ઝંપાપાત કરવા જેવું અથવા કાશીમાં યાત્રા કરીને કરવત મુકાવવા જેવું જે કાંઈ અનુષ્ઠાન કરે છે તે વિષયશુદ્ધ અનુષ્ઠાન છે. આ અનુષ્ઠાનમાં અજ્ઞાન ઘણું હોવા છતાં મોક્ષબાધકનો બાધ થાય છે. કાર્ય કરવા માટે સાધક સામગ્રી જેમ ઉપયોગી છે તેમ બાધકનો અભાવ પણ ઉપયોગી છે. જેમ રોગ થયા પછી દવા લેવી જરૂરી છે તેમ અપથ્યનો ત્યાગ કરવો પણ જરૂરી છે. ઘણી વાર એવું ય બને કે અપથ્યનો ત્યાગ કર્યો હોય તો વગર દવાએ રોગ જતો રહે.

સ૦ મોક્ષના આશયથી ધર્મ કરનારા જૈનેતરો કદાગ્રહી હોય તો ?

કદાગ્રહીને આ ફળ ન મળે. કારણ કે કદાગ્રહી માણસ શાંત ન હોય, કષાયબહુલ હોય. પહેલા ગુણઠાણે અધ્યાત્મ જેને માન્યું છે તે શાંતવૃત્તિને લઈને માન્યું છે. 'હું જે કહું છું તે સાચું છે' આવું માનવું તે કદાગ્રહ. આવાને સાચું પામવાનો સંભવ નથી. સાચું પામવા માટે મહેનત ન કરે તે કદાગ્રહી કહેવાય. આવાની અહીં વાત નથી. જેઓ કદાગ્રહનો ત્યાગ કરનારા છે તેઓને મોક્ષબાધકનો બાધ થાય છે અને લેશથી સદ્ભાવનો યોગ હોવાથી ઉચિત જન્મ અર્થાદ્ જૈનકુળમાં જન્મ મળે છે.



બીજું અનુષ્ઠાન સ્વરૂપશુદ્ધ છે. લોકદૃષ્ટિથી જે યમ-નિયમ-પ્રાણાયામ વગેરે યોગનાં આઠ અંગોનું પાલન કરાય છે તે અનુષ્ઠાન આશયની શુદ્ધિ સાથે સ્વરૂપથી પણ શુદ્ધ છે. કારણ કે અહીં આરંભસમારંભવાળું કોઈ અનુષ્ઠાન નથી, સ્વાધ્યાય કરવાની વાત કરી છે, આરંભસમારંભનો ત્યાગ કરવાનું જણાવ્યું છે, સુખ ભોગવવાનું નથી કહ્યું, સંસાર છોડીને વૈરાગ્ય પામવાનું જણાવ્યું છે... પરંતુ આ અનુષ્ઠાન મોક્ષે પહોંચાડવા માટે સમર્થ નથી. તેમણે ધનવાન થવાની કે સંસારમાં સુખી થવાની વાત નથી કરી, છતાં તેમનું અનુષ્ઠાન મિથ્યાદૃષ્ટિગુણઠાણે હોવાથી સર્વથા શુદ્ધ નથી. સાંખ્યદર્શનકારો જે વાતો કરે છે તે બધી જ સ્વરૂપથી જૈનદર્શનને મળતી છે. છતાં તેમને મિથ્યાદૃષ્ટિ કહ્યા. કારણ કે તેમની વાતો માંગીને લાવેલા અલંકારો જેવી છે. તેમણે ભગવાનની વાત સાંભળીને તેમાંથી પોતાને ફાવતી વાત લઈને પોતાના નામે રજૂ કરવાનું શરૂ કર્યું. આથી જ જૈનદર્શનથી જાુદું સાંખ્યદર્શન સ્થાપ્યું. આપણે તો અત્યારે એટલી જ વાત કરવી છે કે આ અનુષ્ઠાન સ્વરૂપશુદ્ધ છે. આશયની સાથે અનુષ્ઠાનનું સ્વરૂપ પણ શુદ્ધ હોય તો તે અનુષ્ઠાન સારું છે. પરંતુ તે અનુબંધથી શુદ્ધ ન હોવાથી મોક્ષનું કારણ નથી બનતું. ત્રીજું અનુબંધશુદ્ધ અનુષ્ઠાન શાંતવૃત્તિથી તત્ત્વની સંવેદનાને અનુસરતું હોય છે. જેમાં ચિત્તની વૃત્તિ શાંત હોય, તત્ત્વનું સંવેદન થાય તે અનુષ્ઠાન ચોક્કસ મોક્ષને અપાવનારું બને છે. મન-વચન-કાયાની એકાત્મતા સધાય તેને સંવેદના કહેવાય છે. આપણા અનુષ્ઠાનનો આપણે વિચાર કરવો છે ને ? આપણે મોક્ષના આશયથી ધર્મ કરીએ છીએ ને ? જેને મોક્ષનો આશય હોય તેને મોક્ષની સાધનામાં સાધક એવો જન્મ મળે છે. આપણને જૈનકુળમાં જન્મ્યાનો આનંદ છે કે શ્રીમંતના કુળમાં ન જન્મ્યાનું દુઃખ છે ? આજે ઘણાને અનાર્યદેશમાં ન જન્મ્યાનું દુઃખ છે.

આર્યકુળમાં જનમવાથી કુદરતી રીતે પાપથી બચી જવાય છે. આમ છતાં આર્યકુળમાં જન્મ્યાનું દુ:ખ હોય એવાઓને ફરી આ કુળ ક્યાંથી મળે ? આ તો જૈનકુળમાં જન્મેલા અમને પૂછે કે 'જૈનેતરો બધા નરકમાં જવાના ?' આપણે એમને કહીએ કે રાત્રિભોજન એ નરકનું દ્વાર છે તો એ વાત સ્વીકારવાના બદલે ઉપરથી આવી દલીલ કરે ! જેને જૈનમાંથી જૈનેતર થવું હોય તેવાને શું કહેવું ? આપણે કહીએ કે 'ચોરી ન કરવી' તો કહે કે 'બધા ચોરી કરે છે' - તો એવાને શું કહેવું ? આપણે કહેવું પડે કે ચોરી કરીને ધંધો કરવો તેના કરતાં પ્રામાણિકપણે નોકરી કરવી સારી. લોકો કરે એ જ કરવાનું હોય તો આપણે ધર્મ કરવાની જરૂર જ નહિ રહે.

ત્રીજું અનુષ્ઠાન વિષયથી પણ શુદ્ધ છે, સ્વરૂપથી પણ શુદ્ધ છે અને અનુબંધથી પણ શુદ્ધ છે. તત્ત્વસંવેદન એટલે શાસ્ત્રીય પરિભાષામાં વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ. જેને વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ થઈ હોય તેની સાથે જેઓ પ્રશાંતવૃત્તિવાળા હોય અર્થાદ્ જેના કષાય શાંત થયા હોય અને જેને સંસાર અને મોક્ષનાં કારણોનું વાસ્તવિક જ્ઞાન થયું હોય તેઓનું અનુષ્ઠાન સર્વથા શુદ્ધ છે.

આ રીતે ત્રણ અનુષ્ઠાનનું સ્વરૂપ વર્ણવ્યા બાદ હવે તેના ફળનું વર્ણન કરે છે-

**आद्यान्नज्ञानबाहुल्यान्मोक्षबाधकबाधनम् ।**
**सद्भावाशयलेशेनोचितं जन्म परे जगुः ।।२४।।**

**द्वितीयाद् दोषहानिः स्यात्काचिन्मण्डुकचूर्णवत् ।**
**आत्यन्तिकी तृतीयात्तु गुरुलाघवचिन्तया ।।२५।।**

સારા આશયથી કરાયેલી ખોટી પ્રવૃત્તિનું ફળ અહીં બતાવ્યું છે. હવે આપણે એક વાત યાદ રાખવી છે કે સારા આશય સાથે પ્રવૃત્તિ પણ સાચી



કરવા માટે પ્રયત્નશીલ બનવું છે. ખોટી પ્રવૃત્તિને સુધારવાની જરૂર નથી એવી વાત નથી, પરંતુ ગમે તે સંયોગમાં આશયની શુદ્ધિ કેળવ્યા વિના નહિ ચાલે તે જણાવવું છે. અનુષ્ઠાનના ત્રણે પ્રકારમાં આશયની શુદ્ધિ તો રહેલી જ છે. તેથી નક્કી છે કે આશયની શુદ્ધિ વિના અનુષ્ઠાન શુદ્ધ થતું જ નથી.

પહેલા અનુષ્ઠાનના ફળ તરીકે મોક્ષબાધકનો બાધ આપણે જોઈ ગયા. હવે બીજા અનુષ્ઠાનનું ફળ જણાવતાં અહીં ફરમાવ્યું છે કે આ અનુષ્ઠાનમાં પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ ન હોવાથી જે દોષોની હાનિ થાય છે તે તત્કાલ પૂરતી હોય છે. આ માટે અહીં મંડૂક એટલે દેડકાના ચૂર્ણની ઉપમા આપી છે. ચોમાસામાં જે દેડકાઓ થાય છે તે ચોમાસા પછી મરી જાય, એમનું શરીર સૂકાઈ જાય, એનું ચૂર્ણ થાય. આ ચૂર્ણ ત્યાં પડેલું હોય અને ફરી વરસાદ આવે તો તે ચૂર્ણમાંથી ફરી દેડકા ઉત્પન્ન થાય છે. એ રીતે થોડા સમય માટે દોષ નાશ પામે અને નિમિત્ત મળતાં પાછા દોષો ઊભા થાય છે. આપણે ત્યાં પણ એવું બને ને ? ચોમાસામાં જે ત્યાગ અને વૈરાગ્યનો અભ્યાસ પાડ્યો હોય તે ચોમાસા પછી ફરી એના એ મિત્રવર્ગના સંપર્ક વગેરેના કારણે ભોગ અને રાગની શરૂઆત થાય. સોબત ખરાબ મળે તો કાઢેલા દોષો પણ પાછા આવે છે. આને શાસ્ત્રમાં ઉત્થાન નામનો દોષ કહેવાય છે. શ્રી મહાવીરસ્વામી પરમાત્માના જીવે ત્રીજા ભવે ચારિત્રનું સુંદર પાલન કર્યું પરંતુ છેલ્લે જે ત્રિદંડીનો વેષ લીધો તેના સંસ્કાર એવા ગાઢ હતા કે કેટલાય ભવો સુધી એ પરિવ્રાજકપણું પામ્યા. એ જ રીતે દોષના સંસ્કાર ગાઢ હોય તો દોષ ટાળ્યા પછી પણ દોષોના સંસ્કાર ઊથલો મારે. અમારે ત્યાં પણ ગુરુની હાજરી હોય ત્યાં સુધી સ્વાધ્યાય ચાલુ રાખે, પણ ગુરુ જાય તો વિકથા કરવા કે નિદ્રા લેવા બેસી જાય. આ મંડૂકચૂર્ણ જેવી દોષહાનિ છે. એના બદલે આપણે મંડૂકભસ્મજેવી દોષહાનિ કરવી છે. દેડકાના ચૂર્ણની

જે રાખ થાય છે તેમાંથી પાણીનો યોગ થયા પછી પણ દેડકા ઉત્પન્ન થતા નથી. તેવી દોષહાનિ ત્રીજા અનુષ્ઠાનથી થાય છે. બીજાથી થોડીઘણી જ નિર્જરા થાય છે અને તે પણ ફરી કર્મબંધને કરાવનારી હોય છે. જ્યારે ગયેલા દોષો પાછા આવે જ નહિ તેવી સ્થાયી દોષહાનિ ત્રીજાથી થાય છે. કારણ કે તેમાં ગૌરવલાઘવની વિચારણા કરાઈ હોય છે.

**अपि स्वरूपतः शुद्धा क्रिया तस्माद्विशुद्धिकृत् ।**
**मौनीन्द्रव्यवहारेण मार्गबीजं दृढादरात् ।।२६।।**

પહેલા અનુષ્ઠાનમાં સ્વરૂપ અશુદ્ધ હોવાથી તેમાં માર્ગનું બીજ નથી માન્યું. જ્યારે બીજા અનુષ્ઠાનમાં સ્વરૂપથી શુદ્ધ ક્રિયા હોવાથી માર્ગનું બીજ પડેલું છે. અને ત્રીજું અનુષ્ઠાન તો સર્વથા શુદ્ધ છે. જેમ ગટરનું પાણી સ્વરૂપથી અશુદ્ધ છે, ખાબોચિયાનું પાણી સ્વરૂપથી શુદ્ધ છે, પરંતુ કૂવા વગેરેનું પાણી સર્વથા શુદ્ધ છે તેમ અહીં સમજવું. બીજામાં માર્ગ પ્રત્યે આદર અત્યંત હોવાથી માર્ગનું બીજ માનેલું છે. આપણે ત્યાં ધર્મરુચિ અણગારનું દૃષ્ટાંત આવે છે. પહેલાં તેમણે તાપસ-દીક્ષા લીધેલી. તેમાં માત્ર ચૌદસ વગેરે તિથિના દિવસે અનાકુટ્ટી એટલે કે હિંસાનો ત્યાગ કરાતો. તિથિના દિવસે બળતણનાં લાકડાં વગેરે લાવતા ન હતા. પણ જ્યારે તેમને સાધુભગવંતનો યોગ થયો તો તેમને ખબર પડી કે સાધુને તો રોજ અનાકુટ્ટી હોય છે. આથી તેમને આનંદ થયો અને તાપસમાંથી સાધુ થયા. પરંતુ અનાકુટ્ટી પ્રત્યે આદર હતો ત્યારે સાધુ થયા ને ? આ જ માર્ગનું બીજ છે. આ રીતે માર્ગનું બીજ અન્યદર્શનમાં હોય તોપણ માર્ગમાં અવતાર કરાવવાનું શક્ય છે. ત્રીજા અનુષ્ઠાનમાં સમ્યક્ત્વને લઈને દોષમાં ગૌરવ કેટલું છે અને દોષોના અભાવમાં લાઘવ કેટલું છે, કયો દોષ નાનો છે, કયો દોષ મોટો છે, ઈત્યાદિની વિચારણા હોવાથી દોષોને ફરી ઊભા થવાનું રહેતું જ નથી. પરંતુ આ રીતે ભાવથી



માર્ગ પામ્યા ન હોઈએ છતાં પણ માર્ગનું બીજ જેમાં પડેલું છે તેવો દ્રવ્ય માર્ગ પણ આદરણીય છે - એ જ જણાવે છે...

**गुर्वाज्ञापारतन्त्र्येण द्रव्यदीक्षाग्रहादपि ।**
**वीर्योल्लासक्रमात्प्राप्ता बहवः परमं पदम् ।।२७।।**

ગુરુની આજ્ઞાનું પારતંત્ર્ય જેની પાસે હોય એવાઓએ દ્રવ્યથી પણ દીક્ષા લીધી હોય તોપણ ક્રમે કરીને વીર્યોલ્લાસને વધારવા દ્વારા તેઓ મોક્ષે પહોંચે છે. આ રીતે દ્રવ્યથી દીક્ષા લીધેલી હોવા છતાં પણ ગુરુની આજ્ઞાનું પાલન કરવાથી અનંતા જીવો મોક્ષે ગયા છે, જાય છે. તો દ્રવ્યનો અભ્યાસ પણ કામ લાગે ને ? તમે પણ એક સામાયિક કરો તો દીક્ષા લેવાનું મન થાય ને ? એક સામાયિકમાં આટલો આનંદ આવતો હોય તો કાયમના સામાયિકમાં કેટલો આનંદ આવે ?

સ૦ આપને ફરી ફરીને દીક્ષા જ યાદ આવે છે.

દીક્ષા સિવાય સુખ નથી માટે દીક્ષા જ યાદ કરાવું છું. દીક્ષા સિવાય સંસારનો અંત આવે એવું નથી માટે દીક્ષાને યાદ કરવી છે. તમને પણ આખો દિવસ પૈસો ને પૈસો જ દેખાય છે તેમ સાધુને દીક્ષા જ દેખાય ને ? દીક્ષા સારી છે તો દીક્ષા ઉપર આટલી નફરત શા માટે ? દીક્ષા ઉપર આદર કેળવી લો તો સંસાર છૂટી જશે. દીક્ષાની કોઈ વિશેષ સમજ ન હોય તોપણ માત્ર સંસાર અસાર છે અને મોક્ષ સારભૂત છે - એવું ઓઘથી જ્ઞાન જેને હોય તેવાઓ માત્ર ગુરુની આજ્ઞાને પરતંત્ર રહે તો તેમના વીર્યોલ્લાસની વૃદ્ધિ થતી જાય છે અને એના યોગે તેઓ ભાવદીક્ષાને પામવા દ્વારા મોક્ષે પહોંચે છે.

અભ્યાસદશામાં પણ જ્ઞાન અને ક્રિયાસ્વરૂપ અધ્યાત્મ ઘટે છે તે ઉપસંહારથી જણાવે છે :

**अध्यात्माभ्यासकालेऽपि क्रिया काप्येवमस्ति हि ।**
**शुभौघसञ्ज्ञानुगतं ज्ञानमप्यस्ति किञ्चन ।।२८।।**

આ રીતે અધ્યાત્મની અભ્યાસદશામાં ચોથે તથા પહેલે ગુણઠાણે કોઈને કોઈ ક્રિયા પણ હોય છે અને શુભ એવી ઓઘસંજ્ઞાને અનુસરનારું જ્ઞાન પણ આંશિક હોય છે. જેમ નદીનો પ્રવાહ કુદરતી હોય છે જ્યારે ઘરમાં તે પાણી પ્રયત્નપૂર્વક પહોંચાડવું પડે છે, તેમ અભ્યાસકાળમાં પ્રયત્નસાધ્ય જ્ઞાન ન હોય તોપણ શુભ એવી ઓઘસંજ્ઞાને અનુસરનારું થોડુંક જ્ઞાન હોય છે. સંસારના સ્વરૂપનું વિશેષથી જ્ઞાન ન હોય તોપણ સંસાર દુઃખમય છે, કષાયો ખરાબ છે એવું ઓઘથી જ્ઞાન હોય તોય કામ થઈ જાય. આવું ઓઘજ્ઞાન આપણી પાસે પણ છે ને ? જે ખાવાનો લાલચુ હોય તેને લોકો પણ ખાઉધરો કહે ને ? એટલે વિષયો સારા નથી એ નક્કી છે ને ? જો વિષયો સારા હોત તો વિષયોને અતિશય ભોગવનારો ભૂંડો ન ગણાત. એ જ રીતે કષાય આખી દુનિયા કરે છે પણ કષાયને કોઈ સારું માનતું નથી. આ રીતે ઓઘસંજ્ઞાથી પણ સંસારની અસારતા અને મોક્ષની સારભૂતતા સમજાય તો અધ્યાત્મની અભ્યાસદશા અધ્યાત્મ સુધી પહોંચાડી આપે છે. પહેલા ગુણઠાણે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે જો કોઈ અવરોધ કરનાર હોય તો તે કુતર્ક છે. એકવાર કુતર્કની નિવૃત્તિ થાય તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ દ્વારા માર્ગમાં અવતાર કરવાનું કામ સરળ છે.

સ૦ ગુર્વાજ્ઞાનું પારતંત્ર્ય એટલે શું ?

ગુરુને પૂછ્યા વિના એક પણ કામ ન કરવું, ગુરુ જે કહે તે આપણી ઈચ્છા ન હોય તોપણ કરવું તેનું નામ ગુર્વાજ્ઞાપારતંત્ર્ય. અમે આજે અહીં સુધી પહોંચ્યા તે આના જ પ્રભાવે. અમે દીક્ષા લીધી ત્યારે અમને કાંઈ



ભવનિર્વેદ ન હતો. માત્ર માતા-પિતાનું પારતંત્ર્ય હતું. તેમણે દીક્ષા માટે પૂછ્યું તો ના ન પાડી શકયા અને તેમના પારતંત્ર્યમાં રહ્યા તો આજે આટલું પામ્યા. એક વાર એટલું નક્કી કરીએ કે આપણને ગમે કે ન ગમે પણ ભગવાન કહે છે, ગુરુ કહે છે, મા-બાપ કહે છે માટે દીક્ષા લેવી છે અને દીક્ષા પાળવી છે તો આજે નહિ તો કાલે ભાવદીક્ષાની પ્રાપ્તિ થઈ જશે.

હવે પ્રકરણાર્થનો ઉપસંહાર કરતાં જ્ઞાન અને ક્રિયા સ્વરૂપ અધ્યાત્મની વૃદ્ધિનો ઉપાય અંતે જણાવે છે-

**अतो ज्ञानक्रियारूपमध्यात्मं व्यवतिष्ठते ।**
**एतत्प्रवर्द्धमानं स्यान्निर्दम्भाचारशालिनाम् ।।२९।।**

આ રીતે જ્ઞાન અને ક્રિયારૂપ અધ્યાત્મ અપુનર્બંધકદશાથી માંડીને અયોગી ગુણઠાણા સુધી સારી રીતે રહેલું છે. આ અધ્યાત્મની પ્રાપ્તિ જેમ અશઠતાના કારણે થાય છે તેમ અધ્યાત્મની વૃદ્ધિ પણ જેઓ દંભરહિત આચારનું પાલન કરવાના સ્વભાવવાળા હોય તેઓને જ થાય છે. દંભ એ અધ્યાત્મમાર્ગની પ્રાપ્તિ માટે મોટામાં મોટો અવરોધક છે. અધ્યાત્મને પામવા માટે શુદ્ધ માર્ગનો અનુરાગ કેળવીને નિર્દમ્ભપણે ગુણવાનની પરતંત્રતા સ્વીકારી લેવી છે. આ રીતે જ્ઞાન અને ક્રિયાની રુચિ કેળવવા દ્વારા શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયારૂપ અધ્યાત્મને પામવા માટે આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ - એ જ એક સદા માટેની શુભાભિલાષા.